RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર
NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક
E mail - prdpraval@yahoo.co.uk
*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)
*Volume : 7 * Issue No. 195* Date: 13.05.2021 Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

સતત બીજા દિવસે કોરોના પોઝિટિવ દૈનિક કેસોમાં રાહત

# છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી રેકોર્ડબ્રેક ૪૨૦૫ લોકોના મોત



## દેશભરમાં નવા ૩.૪૮ લાખ પોઝિટિવ કેસ નોંધાયા, ૩.૫૫ લાખ સ્વસ્થ થયા, કુલ મૃત્યુઆંક ૨,૫૪,૧૯૭એ પહોંચ્યો, અત્યાર સુધી દેશમાં ૧૭,૫૨,૩૫,૯૯૯ લોકોને વેક્સિન આપી સુરક્ષિત કરી દેવાયા

ન્યુ દિલ્હી,તા.૧૨

ભારતમાં કોરોના વાયરસની બીજી લહેર કહેર મચાવી રહી છે. દેશભરમાંથી જે મોતના આંકડા આવી રહ્યા છે તે ખરેખર ડરામણા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે સવારે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાંથી કોરોનાના નવા ૩.૪૮ લાખથી વધુ દર્દીઓ નોંધાયા છે. આ સાથે મૃત્યુઆંકમાં પણ મોટો ઉછાળો જોવા મળ્યો છે. એક દિવસમાં ૪૨૦૦થી વધુ દર્દીઓએ જીવ ગુમાવ્યા છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે સવારે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાંથી કોરોનાના નવા ૩,૪૮,૪૨૧ દર્દીઓ નોંધાયા છે. આ સાથે કુલ કેસનો આંકડો ૨,૩૩,૪૦,૯૩૮ પર પહોંચી ગયો છે. જેમાંથી ૧,૯૩,૮૨,૬૪૨ દર્દીઓ રિકવર થયા છે. જેમાંથી ૩,૫૫,૩૩૮ દર્દીઓ છેલ્લા ૨૪ કલાકમાં રિકવર થયા છે. જો કે હજુ પણ દેશમાં ૩૭,૦૪,૦૯૯ એક્ટિવ કેસ છે. એક દિવસમાં ૪૨૦૫ દર્દીઓએ કોરોનાથી જીવ ગુમાવ્યો છે. આ સાથે કુલ મૃત્યુનો આંકડો ૨,૫૪,૧૯૭ પર પહોંચી ગયો છે. રસીકરણ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં ૧૭,૫૨,૩૫,૯૯૧ લોકોને રસી આપવામાં આવી છે.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચનાના જણાવ્યાં મુજબ ગઈ કાલે દેશભરમાં ૧૯,૮૩,૮૦૪ જેટલા કોરોનાના ટેસ્ટ કરાયા હતા. આ સાથે અત્યાર સુધીમાં કુલ કરાયેલા ટેસ્ટનો આંકડો ૩૦,૭૫,૮૩,૯૯૧ પર પહોંચ્યો છે.

આ બાજુ કેન્દ્રે સુપ્રીમ કોર્ટ સમક્ષ રસી વિતરણ માટે એક ફોર્મ્યૂલા રજુ કર્યો છે જે મુજબ રાજ્ય સરકારોને ૧૮થી ૪૪ વર્ષની આયુવાળા વર્ગની વસ્તી માટે મેમાં રસીના લગભગ ૨ કરોડ ડોઝ આપવામાં આવશે. સરકારે એમ પણ કહ્યું કે આ મહિને રસીના ૮.૫ કરોડ ડોઝ તૈયાર થવાની આશા છે.

કેન્દ્રએ કહ્યું કે તેણે રાજ્યોને ૮.૫ કરોડ ડોઝનો સપ્લાય કરવા માટે કોટા નક્કી કરી લીધો છે. રાજ્યોને આ કોટા મુજબ રસી નિર્માતાઓ પાસેથી પોતે જ ડોઝ ખરીદવા પડશે. હિન્દુસ્તાન ટાઈમ્સમાં છપાયેલા અહેવાલ મુજબ ઉપલબ્ધ ૨ કરોડ ડોઝ રાજ્યોમાં ૧૮ થી ૪૪ વર્ષના લોકોની સંખ્યાના આધારે મોકલવામાં આવશે. જેથી કરીને બધાને સમાન રીતે ડોઝ મળી શકે. કારણ કે કેટલાક રાજ્યોએ ફરિયાદ કરી છે કે તેમને ઓછા પ્રમાણમાં રસીના ડોઝ ફાળવવામાં આવ્યા છે.

કોરોનાએ કેર મચાવતા વડાપ્રધાન મોદીએ બ્રિટન પ્રવાસ રદ કર્યો

કોરોનાના કારણે દેશમાં નિર્માણ થયેલી ખરાબ સ્થિતિના પગલે વડાપ્રધાન મોદીએ બ્રિટેનનો પ્રવાસ રદ કર્યો છે. તેમણે G-7માં સામેલ થવાનું હતું. વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ મંગળવારે જણાવ્યું કે વડાપ્રધાન મોદીને આ સિમિટ માટે વડાપ્રધાન બોરિસ જોનસને ખાસ બોલાવ્યા હતા. જોકે કોરોનાના કારણે સર્જાયેલી સ્થિતિને ધ્યાનમાં રાખીને એવો નિર્ણય કરવામાં આવ્યો કે વડાપ્રધાન આ સમ્મેલનમાં સામેલ થશે નહિ.

### કેન્દ્ર તરફથી રસીની ગાઈડલાઈન બદલાઈ

## કોવિશીલ્ડનો પહેલો ડોઝ લેનારને ૪૨ દિવસે બીજો ડોઝ મળશે

ન્યુ દિલ્હી,તા.૧૨

કોરોના મહામારીથી બચવા હાલ ગુજરાત સહિત દેશમાં લોકો કોરોનાની રસી લેવા માટે પડાપડી કરી રહ્યા છે. પરંતુ હાલ રાજયમાં કોરોના વેક્સિનની અછત જોવા મળી રહી હોય તેવું લાગી રહ્યું છે. અમદાવાદ સહિત ગુજરાતમાં લોકોનું ઝડપી વેક્સિનેશન થાય તેના માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અનેક જગ્યાએ સેન્ટરો ખોલવામાં આવ્યા છે. પરંતુ તેમ છતાં લોકોને મુશ્કેલીઓ પડી રહી છે.

બીજી બાજુ કોરોનાની રસીની ગાઈડલાઈન બદલાઈ હોવાની માહિતી મળી રહી છે. જાણવા મળી રહ્યું છે કે આજથી કોવિશીલ્ડનો પહેલો ડોઝ લેનારને ૪૨ દિવસે બીજો ડોઝ મળશે. જેના કારણે અનેક વેક્સિનેશન સેન્ટરો પર અંધાધૂંધી સર્જાઈ છે.

ભારત સરકાર તરફથી આજે મળેલી રસીની ગાઈડલાઈન અનુસાર, કોવિશીલ્ડ રસીનો પ્રથમ ડોઝ લઈ ચૂકેલ વ્યક્તિઓ, પોતાનો બીજો ડોઝ ૪૨ દિવસ પછી જ લઈ શકશે. આ પ્રકારની પ્રોસેસ કોવિન સોફ્ટવેરમાં આજથી અપડેટ કરી દેવામાં આવેલ છે. વળી ૪૨ દિવસ બાદ કોવિશીલ્ડ રસીનો બીજો ડોઝ મુકાવવાથી વધુ ફાયદો થાય છે.

તેમ છતાં લોકોમાં વેક્સિન લેવા માટેની ઉતાવળના કારણે મોટી સંખ્યામાં લોકો સેન્ટરો પર પહોંચી ગયા હતા. પરંતુ કોઈ સરખી વ્યવસ્થા ન હોવાના કારણે લોકોને હેરાનગતિ ભોગવવાનો વારો આવ્યો હતો. બીજીતરફ આજથી કોવિશીલ્ડ વેક્સિનનો બીજો ડોઝ લેવા આવેલા લોકોને હવે ૪૨ દિવસ પૂર્ણ થયા હોય તો જ વેક્સિન આપવામાં આવશે તેવા બદલાવના કારણે રજિસ્ટ્રેશન ન થતાં પાછું ફરવું પડ્યું હતું.

## રાજ્યોને કોરોનાની રસીના વધુ સાત લાખ ડોઝ મળશે

ન્યુ દિલ્હી,તા.૧૨

રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશો પાસે કોરોના વૅક્સિનના ૯૦ લાખ ડોઝ હજી ઉપલબ્ધ છે, એમ જણાવતા કેન્દ્રના આરોગ્ય મંત્રાલયે ઉમેર્યું હતું કે આગામી ત્રણ દિવસમાં રાજયને નવા સાત લાખ ડોઝ આપવામાં આવશે. કેન્દ્ર સરકારે અત્યાર સુધીમાં રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોને કોરોના વૅક્સિનના ૧૮ કરોડથી વધુ ડોઝ પૂરા પાડ્યા છે, જેમાંથી ૧૭,૦૯,૭૧,૪૨૯ ડોઝ વપરાયા છે અને નેવું લાખથી વધુ ડોઝ હજી પણ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ પાસે છે.

ભારત સરકાર દેશવ્યાપી કોરોના રસીકરણનું સમર્થન કરે છે જે અંતર્ગત રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોને નિઃશુલ્ક રસી આપવામાં આવે છે.

પહેલી મેથી દેશમાં ત્રીજા તબક્કાનું રસીકરણ શરૂ કરવામાં આવ્યું હતું, જેમાં ૧૮થી ૪૪ વર્ષની વયજૂથના લોકોને રસી આપવામાં આવી રહી છે.

## ગુજરાતમાં મ્યૂકરમાઈકોસિસનો આતંક વધ્યો, ૧૦૦થી વધુ નવા દર્દી મળ્યા

ગાંધીનગર,તા.૧૨

કોરોના મહામારી બાદ મ્યૂકરમાઈકોસિસ રોગે માથું ઊંચક્યું છે. ડાયાબિટીસ અને બ્લડ પ્રેશરની બીમારી ધરાવતાં લોકો આ રોગનો વધુ શિકાર થઈ રહ્યા છે. મ્યૂકરમાઈકોસિસ એક રીતે ઉધઈની માફક નાકની અંદરના હાડકાંને કોતરી ખાય છે. તે એક ભયાનક બિમારી છે. મ્યૂકરમાઈકોસિસ એક ફંગસ છે, જે પ્રથમ તબક્કે નાકમાં, બીજા તબક્કે તાળવામાં, ત્રીજા તબક્કે આંખ અને ચોથા તબક્કે મગજ સુધી પહોંચે છે, અત્યારે ત્રીજા અને ચોથા તબક્કે ફંગસ પહોંચે ત્યારે દર્દીઓ હોસ્પિટલ પહોંચે છે. હાલ આ ભયાનક રોગ વચ્ચે સમગ્ર ગુજરાતના મહાનગરોમાંથી એક પછી એક કેસ નોંધાઈ રહ્યા છે.

કોરોનાથી સાજા થયેલા લોકોને આંખ અને નાકમાં દુખાવો થાય તો તાત્કાલિક સારવાર કરાવવી હિતાવહ છે. આ રોગમાં સારવાર માટે વહેલા પહોંચે તો તેવા દર્દીઓમાં મોતનું પ્રમાણ નહિવત્ છે. કોરોના બાદ હવે મ્યુકરમાઈકોસિસે દેખા દેતા દર્દીઓમાં સ્વભાવિકપણે ભયનો માહોલ ફેલાયો છે. આ ફુગના ઈન્જેક્શન પણ મોંઘાદાટ મળે છે અને મોંઘા હોવા ઉપરાંત સરળતાથી મળતા પણ નથી.

અમદાવાદની સિવિલ હોસ્પિટલ ખાતે મ્યૂકરમાઈકોસિસ માટે બે અલગ-અલગ વોર્ડ ઊભા કરાયા છે, જેમાં કુલ ૧૧૦ બેડની સવલત ઊભી કરાઈ છે. અલબત્ત, ૧૧૦ પૈકી ૧૦૫ બેડ ભરાઈ ગયા છે. મહેસાણામાં મ્યુકરમાઈકોસિસ વોર્ડ તૈયાર કરાયો છે, હાલ મ્યુકરમાઈકોસિસના ૨૪ દર્દી દાખલ છે. આખા રાજ્યના કુલ મ્યૂકરમાઈકોસિસના કેસ અને શહેરોની સ્થિતિ ઓવરઓલ ભયાનક થવા જઇ રહી છે. વડોદરા મ્યુકર માઈકોસીસના વધુ ૯ દર્દીઓ વધતા અત્યાર સુધીમાં ૨૨ દર્દીઓના મોત થઇ ગયા છે.

સુરત સિવિલ હોસ્પિટલના સ્પેશિયલ વોર્ડમાં ૧૯ મ્યુકરમાઈકોસિસના દર્દીઓ દાખલ કરાયા છે. મ્યુકરમાઈકોસીસના ૯ પોઝિટિવ કેસ, જ્યારે ૧૦ શંકાસ્પદ કેસ સારવાર હેઠળ છે.

સૌરાષ્ટ્રમાં કોરોનાનો કહેર યથાવત રહ્યો છે. સૌરાષ્ટ્રમાં ૨૭૧૫ કેસ નોંધાયા છે, જ્યારે ૧૯૨ દર્દીઓના મોત થયા છે. જૂનાગઢ, અમરેલી, મોરબીમાં કેસ વધ્યા છે. ત્યારે સૌરાષ્ટ્રમાં પણ મ્યુકરમાઈકોસિસનો કહેર જોવા મળી રહ્યો છે. સિવિલમાં મ્યુકરમાઈકોસિસના વધુ ૨૫ કેસ નોંધાયા છે. હાલ રાજકોટમાં મ્યુકરમાઈકોસિસના ૧૫૦ દર્દીઓ દાખલ છે.

બીજી તરફ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં મ્યુકરમાઈકોસિસના કેસોમાં તોતિંગ વધારો થઈ રહ્યો છે. રાજકોટમાં એક જ દિવસમાં ૨૫ કેસનો વધારો થયો છે. રાજકોરમાં હાલ કુલ ૧૫૦ જેટલા દર્દીઓ સારવાર હેઠળ છે. રાજકોટ સિવિલમાં મ્યુકરમાઈકોસીસ માટે હાલ ૧૦૦ બેડ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. ખાનગી હોસ્પિટલમાં પણ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે.

વલસાડ જિલ્લામાં મ્યૂકર માઈકોસિસ રોગે પગપેસારો કરી દીધો છે. બીજા વેવમાં જિલ્લામાં મ્યુકરમાઈકોસિસના ૩૫થી વધુ દર્દીઓ મળી આવ્યા છે. વલસાડના ઇ.એન.ટી. સર્જને કોરોનાના બીજા વેવમાં અત્યાર સુધીમાં આ રોગનો ભોગ બનેલા ૧૫ દર્દીના ઓપરેશન કર્યા છે. જે પૈકી પાંચને રજા આપી દેવાઇ છે, જયારે એકનું મોત થયું છે. વલસાડની ડોકટર હાઉસમાં હાલમાં મ્યૂકર માઇકોસિસની વધુ ૧૦ દર્દીઓ, કસ્તુરબા હોસ્પિટલમાં ૦૫ દર્દીઓ તથા પારડીની પારડી હોસ્પિટલમાં ૦૩ દર્દીઓ દાખલ છે.

## ઈઝરાયલ પર હમાસનો સૌથી મોટો હુમલોઃ ૧૩૦ રોકેટનો મારો, ભારતીય મહિલાનું મૃત્યુ

જેરુસલેમ,તા.૧૨

જેરૂસલેમ ખાતે આવેલી અલ-અક્સા મસ્જિદમાં સોમવારે પેલેસ્ટાઈનીઓ અને ઈઝરાયલી સુરક્ષા દળો વચ્ચે થયેલી અથડામણે હિંસક સ્વરૂપ ધારણ કરી લીધું છે. તે ઘટના બાદ ફરી એક વખત પેલેસ્ટાઈન અને ઈઝરાયલ વચ્ચે આર-પારનો જંગ વર્તાઈ રહ્યો છે. બંને તરફથી રોકેટનો મારો ચલાવવામાં આવી રહ્યો છે અને અનેક લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. તાજેતરના અહેવાલ પ્રમાણે હમાસના રોકેટ હુમલામાં એક ભારતીય મહિલાએ પોતાનો જીવ ગુમાવ્યો છે. તે મહિલાનું નામ સૌમ્યા સંતોષ હતું અને તે છેલ્લા ૭ વર્ષથી ઈઝરાયલમાં વસી રહ્યા હતા. ઈઝરાયલના વિદેશ મંત્રાલય દ્વારા આપવામાં આવેલી માહિતી પ્રમાણે હમાસે રહેણાંક વિસ્તારમાં આશરે ૧૩૦ રોકેટનો મારો ચલાવ્યો હતો અને જેરૂસલેમમાં ભારે હિંસા ફેલાવી હતી. આવા જ એક હુમલામાં ભારતીય મહિલા સૌમ્યા સંતોષ મૃત્યુ પામ્યા છે. ભારતમાં ઈઝરાયલના રાજદૂત ડૉ. રૉન મલકાએ ટ્વીટ કરીને આ ઘટનાની જાણકારી આપી હતી અને મૃતકના પરિવાર પ્રત્યે પોતાની સંવેદના વ્યક્ત કરી હતી. તેમણે લખ્યું હતું કે, ઈઝરાયલ તરફથી હું સૌમ્યા સંતોષના પરિવાર પ્રત્યે મારી સંવેદના વ્યક્ત કરૂ છું. તેઓ હમાસના આતંકવાદી હુમલામાં માર્યા ગયા છે. આ ક્રૂર આતંકવાદી હુમલામાં એક ૯ વર્ષના બાળકે પોતાની માતા ગુમાવી તે જાણીને અમારૂ દિલ રડી રહ્યું છે. હુમલો થયો તે સમયે સૌમ્યા વીડિયો કોલ દ્વારા પોતાના પતિ સાથે વાત કરી રહ્યા હતા અને અચાનક હુમલો થતા કોલ બંધ થઈ ગયો હતો.



### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યાઃ૧૧૦૧૭

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૭૧૪૬૧૧

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૧૦૨

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૫૨૬૪

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૫૭૮૦૩૩

## ભારતનો GDP ચાલુ વર્ષે ૧૦.૧% રહેશે પણ પરિદ્રશ્ય હજી નબળું : UN

મુંબઈ,તા.૧૨

કોરોના મહામારી અને લોકડાઉનના કમરતોડ ફટકા બાદ વૈશ્વિક અર્થતંત્રમાં રિકવરીના સંકેત મળી રહ્યા છે. ચીન અને અમેરિકાની અર્થવ્યવસ્થામાં ઝડપી સુધારાના પગલે સંયુક્ત રાષ્ટ્રસંઘે તાજેતરમાં વર્ષ ૨૦૨૧ની માટે વૈશ્વિક અર્થતંત્રના વૃદ્ધિદરના પૂર્વઅંદાજમા સંશોધન કર્યુ અને તે સુધારીને ૫.૪ ટકા વિકાસદર રહેવાની આગાહી કરી છે.

સંયુક્ત રાષ્ટ્રે તાજેતરમાં કહ્યુ હતુ કે ભારતનો જીડીપી ગ્રોથ રેટ નાણાકીય વર્ષ ૨૦૨૨માં ૧૦.૧ ટકા રહી શકે છે કારણ કે આર્થિક વૃદ્ધિનું પરિદ્રશ્ય હજી નબળું દેખાઇ રહ્યુ છે. તેનું કારણ દેશમાં ઝડપથી ફેલાયેલી કોરોના મહામારીની બીજી લહેર છે.

અલબત્ત સંયુક્ત રાષ્ટ્રે ચેતવણી આપી છે કે કોરોના મહામારીના કેસો ફરી વધવાથી અને રસીની અપુરતી સપ્લાયના કારણે ઘણા દેશોમાં રિકવરીની ગતિ અવરોધાઇ શકે છે.સંયુક્ત રાષ્ટ્રે આ પૂર્વે જાન્યુઆરીમાં વૈશ્વિક અર્થતંત્રનો વિકાસદર વર્ષ ૨૦૨૧માં ૪.૭ ટકા રહેવાની આગાહી કરી હતી. જ્યારે ‘વર્ષ ૨૦૨૧ના મધ્ય વૈશ્વિક આર્થિક સ્થિતિ અને સંભાવનાની રિપોર્ટમાં જણાવ્યુ છે કે અમેરિકા અને ચીનની આગેવાનીમાં કેટલીક મોટી અર્થવ્યવસ્થાઓ એ ઝડપી રસીકરણ કર્યુ અને તેનાથી વૈશ્વિક વેપારમાં વધારો થયો છે. સંયુક્ત રાષ્ટ્રે ચેતવણી આપી છે કે આ સંકેત દુનિયાની બાકી અર્થવ્યવસ્થાઓમાં રિકવરી માટે પુરતા નથી અને દક્ષિણ એશિયા- આફ્રિકા અને લેટિન અમેરિકાના દેશોની માટે આર્થિક પરિદ્રશ્ય અનિશ્ચિત છે.

## તંત્રી સ્થાનેથી...

# વિશ્વના અનેક દેશો કોરોના સામે ઝઝૂમી રહ્યા છે ત્યારે ચીનમાં લીલા લહેર.....?!

ગત વર્ષે પ્રથમવાર ત્રાટકેલા કોરોના વાયરસ બાબતે ચીન પર વિશ્વભરમા આંગળી ચિંધણુ અને આક્ષેપો થયા બાદ વિશ્વ આરોગ્ય સંસ્થા ડબલ્યુએચઓ એ ચીનમાં વૂહાન ખાતે તપાસ કરવા વારંવાર વિનંતી કરી તેમજ ચીન ખાતે તપાસાર્થે પહોંચી ગયેલ ટીમને પરત ધકેલી દેવામાં આવી હતી છતાં એક વર્ષ બાદ WHO ની ટીમને તપાસ કરવા દેવામાં આવી છે પરંતુ વૂહાન શહેર પુરતીજ...પરંતુ વૂહાન ખાતે આવેલ લેબોરેટરીમા નહી...અને આખરે મોડા મોડા પણ WHO ટીમે એક અહેવાલ જાહેર કર્યો જેમા વૂહાનમાથી કોરોના ફેલાયો નથી તેમ જણાવી ચીનને ક્લિન ચીટ આપી દીધી.... પરંતુ અહેવાલમા એવું પણ જણાવ્યું કે ચામાચિડીયા દ્વારા કોરોના ફેલાયો હોઈ શકે.....! ત્યારે વિશ્વના કેટલાક દેશોએ અહેવાલ પર અવિશ્વાસ વ્યક્ત કર્યો હતો... તો કેટલાકે WHO ની લાગણી ચીન તરફ હોવાની શંકાઓ વ્યક્ત કરી હતી... તેનું કારણ છે વિશ્વના દેશોમાં વ્યાપી ગયેલ ચર્ચા...જો કે તેના પુરાવા નથી... ચર્ચા ઢ અનુસાર કોરોના વાયરસ ચીનનું ષડયંત્ર છે....! એવું માનવામાં આવે છે કે કોરોના વાયરસ ૨૦૧૯ મા તૈયાર કરવામાં આવ્યો હતો જે કારણે કોવિડ ૧૯ તરીકેના નામથી ઓળખાય છે. ચીનમાં નવા વર્ષની ઉજવણી પ્રસંગે પરંપરા અનુસાર લાખોની સંખ્યામાં વિદેશમાં વસતા ચીની ઉપરાંત અન્ય દેશોના નાગરિકો ઉમટી પડ્યા હતા. ચીનનુ ૨૦૨૦ નું નવું વર્ષ ૨૫ જાન્યુઆરી છે પરંતુ તેની ઉજવણી ૧૬ દિવસ ચાલે છે જેમાં ૨૫ જાન્યુઆરીના સાત દિવસ અગાઉ ઉજવણીની શરૂઆત થાય છે અને પછીના એટલે કે ૨૫ જાન્યુ. પછીના નવ દિવસ સુધી ચાલે છે અને ઉજવણી દરમ્યાન વૂહાનમા કોરોના ફેલાય છે જેમાં વિદેશમાંથી આવેલા ચીની નાગરિકો સહિતના લોકો કોરોનાની ચપેટમાં આવી જાય છે અને તેઓ અજાણતા કોરોના કેરિયર બની જાય છે. વૂહાનમા કોરોના કેસો વધી જતા ૨૩મી જાન્યુઆરીએ લઘોકડાઉન જાહેર કરવામાં આવે છે...પરંતુ એ પહેલા વિદેશથી આવેલા તમામને વિદેશ પરત જવા દેવાયા હતા. જે ખરેખર તો કોરોના કેરિયર બનીનેજ વિશ્વના દેશોમાં પોત પોતાના કાર્ય સ્થળો પર પહોંચી ગયા હતા. ત્યારબાદ વૂહાનમાં કડક લોકડાઉન કરવા સાથે તેને જોડતા શહેરમાં તમામ રસ્તાઓ સીલ કરી દેવામાં આવ્યા હતા,સરહદો સીલ કરી દેવામાં આવી હતી. અને એક પણ નાગરિક ઘર બહાર ન નીકળે તેમ ઘરોમા બંધ કરી દેવાયા હતા. આ પ્રકારે વૂહાનના હજારો નાગરિકોનો ભોગ લેવાયો. દરમ્યાન વિદેશ પહોંચી ગયેલા નાગરિકોને કારણે વિશ્વભરમાં કોરોના વાયરસ ફેલાઈ ગયો અને વિશ્વના દેશોને ઘમરોળવા સાથે તમામ દેશોના અર્થતંત્ર પણ હચમચાવી નાખ્યા.....!!

વિશ્વભરમા અત્યારના સમયમા કોરોનાની બીજી લહેર વ્યાપી ગઈ છે.તે સાથે કોરોનાના કરોડો કેસો નોંધાયા છે. જેમાં ભારતમાં દરરોજના અઢી લાખથી વધુ કેસો નોંધાયા છે તેની સામે ચીનમાં અત્યાર સુધીમાં કુલ ૯૦ હજાર જ કેસ નોંધાયા છે.... એટલે સ્વાભાવિક છે કે વિશ્વના દેશોને ચીન ઉપર શંકા થાય....! અને ફરી એકવાર અમેરિકાએ ચીન પર કોરોનાની બીજી લહેર ફેલાવવા માટેનિ આક્ષેપો સાથે ચીને જૈવિક હથિયાર તરીકે ઉપયોગ કર્યાનો આક્ષેપ પણ કર્યો છે.... જોકે કેટલાક દેશો અમેરિકાના આક્ષેપો સાથે સહમત છે. ત્યારે હવે વિશ્વની મહાસત્તા સહિતના દેશોએ સંગઠીત બની આ બાબતે પ્રશ્ન ઉઠાવવાની જરૂર છે તેવા પ્રશ્નો વિશ્વના દેશોમા ઉઠવા પામ્યા છે તે સાથે એવા સવાલ પણ ઊભા થયા છે કે વૂહાનમા કોરોના ફેલાવાની શરૂઆત થઈ તો ચીને વિશ્વના દેશોને ચેતવ્યા કેમ નહીં...? ચીનના એક ડોક્ટરે નવા વાયરસે જન્મ લઈ લીધો છે અને હું તેનો ભોગ બન્યો છું તેવી ચેતવણી પોતાના સ્ટાફને આપી હતી ત્યારે તેની બોલતી બંધ કરી દીધી અને તેનું રહસ્યમય મોત નીપજ્યું.!? વિશ્વના દેશોએ ચીની ઉત્પાદનોનો બહિષ્કાર કર્યો હતો.... પરંતુ આ બધું વિસરાઈ ગયું... કારણ વિશ્વના દેશોના વડાઓ ચૂંટણીઓ, રંગભેદ સહિતના વિવિધ પ્રશ્નોમાં ડૂબી ગયા.... અને ચીને કોરોના પર કાબૂ મેળવી લઈને લીલા લહેર કરી રહ્યું છે... તે સાથે પોતાના અર્થતંત્રને દોડતુ કરવામાં સફળ રહ્યું છે. જ્યારે કે વિશ્વના મોટા ભાગના દેશો પોતાના અર્થ તંત્રને બચાવવા ફાફે ચડ્યા છે.....!!



શ્રી ભરતભાઈ રાજગોર (સાંતલપુર) જેઓ ગુજરાત બ્રહ્મ સમાજ અગ્રણી, પૂર્વ દીનદયાલ પોર્ટ ટ્રસ્ટ ના ટ્રસ્ટી તથા પાટણ જિલ્લા ભાજપ પ્રમુખ તેમજ અનેક સંસ્થા ના ઘનિષ્ઠ આગેવાન આપણી વચ્ચે હવે નથી રહ્યા પરમ કૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્મા ને ચિર શાંતિ અને નીજ શરણ અર્પે તથા આ ઘડીએ પરિવાર નેઅસહ્ય આઘાત સહન કરવાની શક્તિ આપે.

હૃદય પૂર્વક શ્રદ્ધાંજલી

શાંતિ.....શાંતિ....શાંતિઃ



"ગઇકાલે ... યુનાઇટેડ સ્ટેટ્સ અને કેનેડાની સરહદ પર, બે સૂર્ય નીકળ્યા, એક વાસ્તવિક સૂર્ય અને બીજો ચંદ્ર. આ ઘટનાને મૂન હન્ટર તરીકે ઓળખવામાં આવે છે અને જ્યારે થાય છે. પૃથ્વીની અક્ષ બદલાય છે. ચંદ્ર અને સૂર્ય એક જ સમયે જન્મે છે અને ચંદ્ર સૂર્યની તેજને એટલી તીવ્રતા સાથે પ્રતિબિંબિત કરે છે કે તે બીજા સૂર્યની જેમ દેખાય છે.

શેર કરો! ખુબ સુંદર !!!

## પક્ષીઓના માળા પીવાના પાણીની કુંડી 'રામપાતર' અને ગાયોની પાણી પીવાની કુંડી બારે મહિના નિઃશુલ્ક વિતરણ

શ્રી કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ એનિમલ હેલ્પલાઈન ગ્રુપ અર્હમ ગૃપના સત્રાવારે, રાષ્ટ્રસંત, યુગ દિવાકર પૂ નમ્રમુનિ મહારાજ સાહેબના આશીર્વાદથી પક્ષીઓના માળા પીવાનાં પાણીની કુંડી રામપાતરનું છેલ્લા ૫ વર્ષથી, બારે મહિના નિઃશુલ્ક વિતરણ થઈ રહ્યું છે. ધોમધખતા તાપમાં તેમજ બારે મહિના દરમિયાન અબોલ પશુ-પક્ષીઓ પાણી શોધતા હોય છે. તરસને લઈને તરફડતા હોય છે.

ગૌમાતા, પશુ - પક્ષીઓની તરસ છીપાવવા માટે શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનીમલ હેલ્પલાઇન તથા અર્હમ્ ગ્રુપના ઉપક્રમે સીમેન્ટની મોટી કુંડી(સાઇઝ આશરે ૨ ફૂટ બાય ૧૫ ટ, વજન આશરે ૩૦ કિલો) જીવદયા પ્રેમીઓને બાર મહિના વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે. ઘર આંગણે, વિસ્તારમાં કુંડીરાખી દરરોજ સફાઇ કરી બારે મહિના ચોખ્ખુ પાણી ભરી આ કાર્યમાં પુણ્યના ભાગીદાર બની શકાય છે.

વહેલા તે પહેલાના ધોરણે વિનામૂલ્યે નિયમાનુસાર વ્યક્તિ દિઠ એક કુંડી મળશે (પોતાના વાહનમાં લઇ જવાની રહેશે). કુંડી મેળવવા માટે મિતલ ખેતાણી (મો-૯૮૨૪૨ ૨૧૯૯૯), પ્રતિક સંઘાણી મો - ૯૯૯૮૦૩૦૩૯૩) પર સંપર્ક કરવો. રાજકોટના દરેક વિસ્તારોના લોકોને આ વિસ્તારનો લાભ મળે તે માટે વિવિધ વિસ્તારોમાં પણ ચકલીના માળા, પાણીના કુંડાનું નિશુલ્ક વિતરણ થઇ રહયું છે. સમગ્ર આયોજન અંગે કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ - એનીમલ હેલ્પલાઇનના મિતલ ખેતાણી,ઘનશ્યામભાઈ ઠક્કર, ધીરેન્દ્ર કાનાબાર, રમેશભાઈ ઠક્કર, પ્રતિક સંઘાણી, એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ અર્હમ ગ્રુપના તુષારભાઈ મહેતા, સેતુરભાઈ દેસાઇ, ચેતનભાઈ મહેતા, તેજસભાઈ બાવીશી, જિમ્મીભાઈ શાહ, નિરવભાઈ અજમેરા તેમજ ટીમ જહેમત ઉઠાવી રહી છે.

## તમામ જિલ્લામાં ફ્લડ કંટ્રોલ રૂમ કાર્યરત કરવામાં આવશે

ગાંધીનગર,તા.૧૨

રાજયમાં ચોમાસાની પરિસ્થિતિને લઈને રાજ્ય સરકાર અત્યારથી સતર્ક બની છે અને પહેલી જૂનથી તમામ જિલ્લામાં ફ્લડ કંટ્રોલ રૂમ કાર્યરત કરવાનો નિર્ણય કર્યો છે. રાજયના મુખ્ય સચિવે તમામ વહીવટી અને કેન્દ્રીય સુરક્ષા એજન્સીઓ તેમજ લશ્કરની ત્રણેય પાંખના પ્રતિનિધિઓ અને કેન્દ્ર સરકારના વિવિધ વિભાગની વહીવટી તંત્ર સાથે ઓલાઈન બેઠક યોજી હતી.

જેમાં ચોમાસાની પરિસ્થિતિને પહોંચી વળવા પર ચર્ચા થઈ હતી. રાજયમાં એનડીઆરએફની કુલ ૧૫ ટીમો તૈનાત રહેશે. આ ઉપરાંત એક ટીમ રાજકોટ, સુરત અને ત્રણ ટીમ ગાંધીનગરમાં પ્રિ-ડિપ્લોય રાખવાં આવશે. ૧૫ ટીમાંથી ૧૦ ટીમ રિઝર્વ રાખવામાં આવી છે.

ગુજરાત સહિત સમગ્ર દેશમાં આગામી જૂનથી શરુ થનાર ચોમાસુ સારુ રહેવાની આગાહી થઈ છે અને દેશી પધ્ધતિ મૂજબ વરતારો પણ આવો જ નીકળ્યો છે ત્યારે હવે મેઘરાજાએ જાણે કે ચોમાસા પૂર્વેની તૈયારીઓ શરુ કરી દીધી છે.

# કળીયુગની ભક્તસંહિતા

પછી શિષ્યોએ પૂછ્યું કે 'હે ગુરુદેવ, મધ્યકાળમાં ભક્તોની ઓળખ સરળ હતી. તે ભજનો રચતાં, ગાતાં અને ભવિષ્યનાં પાઠ્યપુસ્તકો માટે સામગ્રી પૂરી પાડવાની કોઈ સભાનતા વિના, દુનિયાદારીનું ભાન ભૂલીને ઈશ્વરની ભક્તિમાં લીન રહેતાં. પરંતુ ઘોર કળીયુગમાં ભક્તોની પિછાણ શી રીતે કરવી? અમારા સંશયનું છેદન અને જિજ્ઞાસાનું શમન કરો.'

ગુરુ બોલ્યા,

'હે શિષ્યો, ઘોર કળીયુગમાં જ્યારે વિદ્યાને બદલે અવિદ્યાનો મહિમા છે, ત્યારે તમારાં સંશય અને જિજ્ઞાસા વિશે જાણીને હું પ્રસન્ન થયો છું. તેથી જેટલું બોલીને હું પૉઝિટિવિટીના કે પ્રેરણાના કે લાઈફ-કોચિંગના વર્ગોમાંથી તગડી રકમ પ્રાપ્ત કરી શકું, તેટલું જ્ઞાન હું તમને—મારા ટ્યૂશનાર્થીઓને—વધારાની કોઈ ફી વિના આપીશ.'

'હે શિષ્યો, જેમ વરસાદ વિશે જાણવા માટે વાદળાં વિશે જાણવું આવશ્યક છે, તેમ કળીકાળમાં ભક્તોના પ્રકાર વિશે જાણતાં પહેલાં તેમના આરાધ્ય વિશે જાણવું અનિવાર્ય છે. અલબત્ત, વર્તમાન કાલખંડમાં ગુર્જરદેશ અને સમગ્રતયા ભારતવર્ષમાં એક જ આરાધ્ય વિદ્યમાન હોવાનું પ્રતીત થાય છે. એટલે તેમના ભક્તોને લક્ષ્યમાં રાખીને હું મીમાંસા કરીશ.'

'ભક્તોના મુખ્યત્વે ત્રણ પ્રકાર હોય છે. પહેલો અને મુખ્ય પ્રકાર ભારતની પ્રાચીન ભક્ત પરંપરા સાથે સીધું સામ્ય ધરાવે છે. પ્રાચીન ભક્તો પોતાની ભક્તિ છુપાવવાને બદલે તેને બેધડક જાહેર કરતા હતા. સંજોગો વિપરીત હોય કે અનુકૂલ, ભક્તિથી નુકસાન થવાનો સંભવ હોય કે ફાયદો, તે આવો કશો વિચાર કરવાને બદલે, લોકલાજથી ડર્યા વિના કે લોકનિંદાથી ડગ્યા વિના, 'એવા રે અમે એવા' કહેતા હતા. વર્તમાનમાં પણ આ પ્રકારના ભક્તો નોંધપાત્ર સંખ્યામાં જોવા મળે છે. તે લાભાલાભ જોવાને બદલે, પ્રતિષ્ઠાનું કે સન્માનનું બલિદાન આપીને પણ ભક્તિમાર્ગેથી ચળતા નથી. વાસ્તવિકતાનાં ગમે તેટલાં પ્રમાણપુરાવા કે આલેખન તેમને ભક્તિમાર્ગેથી પાછા વાળી શકતાં નથી. આરાધ્ય સાથે તેમનું મનોસંધાન એ હદે એકરૂપ થયેલું હોય છે કે બ્રેઈન સ્ટ્રોકને પણ તે માસ્ટર સ્ટ્રોક ગણીને તેનો ઉત્સવ મનાવી શકે છે.'

'આવા ભક્તોની ઓળખ જરાય કઠણ નથી. તમારું ધ્યાન ન હોય તો તે તમને સામેથી ઢંઢોળીને પોતાની ભક્તિના પુરાવા અને નિદર્શન આપ્યા કરશે. એક ચૂકી ગયા તો બીજું ને બીજું ચૂક્યા તો ત્રીજું. હા, એટલું ખરું કે આટલી પ્રખર ભક્તિ માટે કયાં પરિબળ જવાબદાર છે તે દરેક પ્રસંગે જાણવું શક્ય નથી હોતું. પરંતુ સામાન્ય રીતે વિધર્મીદ્વેષ અને વિચારદોષથી માંડીને આર્થિક પ્રલોભન જેવાં કારણોમાંથી તે જન્મે છે અને પોતાની ઓળખના પર્યાય તરીકે તે સ્થિર થાય છે. ત્યાર પછીનો તબક્કો ભક્ત અને આરાધ્યના--જીવ અને શિવના—એકપક્ષી એકત્વનો છે. તેમાં આરાધ્યના અપમાનમાં ભક્તને પોતાનું અપમાન લાગે છે અને આરાધ્યની અક્ષમ્ય ભૂલ અભૂતપૂર્વ ઐતિહાસિક સિદ્ધિ લાગે છે. સંસારમાં આવા ભક્તોના વિચરણથી ભક્તિમાર્ગ ફૂલેફાલે છે.'

આટલું કહીને ગુરુજી અટક્યા, કપાળ પર એકઠી થયેલી રેખાઓને વેરવિખેર થવા થોડી ક્ષણો આપી, પછી પાણીના બે ઘૂંટ પીને, ઊંડો શ્વાસ લઈને તેમણે આગળ ચલાવ્યું.

'બીજા પ્રકારના ભક્તો સંસારના સામાન્ય વ્યાપારો પૂરી સ્વસ્થતાથી પાર પાડે છે. પોતે ભક્ત છે એવું જાહેર કરવું તેમને ગમતું નથી. પોતાના આરાધ્યની છબી ચિત્તમાં સ્થાપીને તે આશ્વસ્ત અને સંતુષ્ટ હોય છે. ભક્ત તરીકે ઓળખાવાની તેમને કોઈ એષણા હોતી નથી. ઉલટું તે પોતે સંસારીઓને છેતરવા માટે એવો સ્વાંગ ધરે છે, જાણે તે ભક્ત નથી. કેમ કે, તેમને મન આ તેમના અને તેમના આરાધ્ય વચ્ચેનો સંબંધ છે. તેને દુનિયા સમક્ષ છતો કરીને એ સંબંધની નજાકતને શા માટે આંચ આવવા દેવી? પરંતુ કસોટીની ઘડીમાં આરાધ્ય પર પ્રહારો થાય ત્યારે આવા ભક્તો પાછા પડતા નથી. તે આરાધ્યના સીધા કે આડકતરા સમર્થનમાં તર્કાભાસી દાખલાદલીલો કરે છે, આરાધ્યના ટીકાકારોની સમજશક્તિ વિશે શંકા વ્યક્ત કરે છે અને ઠાવકાઈ છોડ્યા વિના, અંતરમાં રહેલી આરાધ્યની છબી છતી થઈ ન જાય એ રીતે, આરાધ્યના આક્રમક કે રક્ષણાત્મક બચાવમાં પ્રવૃત્ત રહે છે. તેમને ભક્ત કહેવામાં આવે, તો તે અંદરથી ટાઢક અનુભવતા હોવા છતાં સંસારીઓને અંધારામાં રાખવા માટે હળવો રોષ પણ વ્યક્ત કરે છે.'

'અને ત્રીજો પ્રકાર?' એક શિષ્યે અધીરાઈથી પૂછ્યું.

'એ પ્રકારની ઓળખ ઘણા માટે કસોટીરૂપ બની રહે છે. પહેલા બંને પ્રકારના ભક્તો બરાબર સમજે છે કે પોતે ભક્ત છે. પરંતુ ત્રીજા પ્રકારના ભક્તો પોતાની જાતને પણ એવું જ ઠસાવે છે કે તે ભક્ત નથી. કુદરતની લીલા એવી છે કે આ કિસ્સામાં જાતને છેતરવી સહેલી છે, પણ બીજાને છેતરવાનું અઘરું છે. કોઈને જ્યારે તેમના આરાધ્યના પહાડ જેવડા દોષ રજકણ જેવા લાગતા હોય, એ દોષની ટીકા કરનારા દિશા ભટકી ગયેલા કે સમાજના-દેશના હિતશત્રુ લાગતા હોય, આરાધ્યના ગૌરવ અને આરાધ્યની પીડા સામે બાકીના લોકોની પીડા અને ગૌરવ તેમને ગૌણ લાગતાં હોય, તે હકારાત્મકતા, ચિંતન, આશા, પ્રેરણાની પીંછીથી આરાધ્યના ટીકાકારોને હલકા ચીતરીને, આરાધ્યને આંચમુક્ત રાખવા પ્રવૃત્ત હોય, ત્યારે તેમને આ પ્રકારના ભક્ત જાણવા. જો તે સ્વીકારતા હોત તો બીજા પ્રકારમાં હોત. એટલે આ કિસ્સામાં તેમનો અસ્વીકાર એ પણ તેમની ભક્તિનું પ્રમાણ છે. અસ્તુ.'

આ સાંભળીને જેમ શિષ્યોની જિજ્ઞાસાનું શમન થયું, તેમ વાચકોની જિજ્ઞાસાનું પણ થાઓ.

ઉર્વીશ કોઠારી

# પરસ્પરની સમજણ, દૂર કરશે અડચણ






દાંપત્યજીવનને વ્યવસ્થિત અને કુશળ રીતે ચલાવવા માટે એકબીજાને સમજવું સૌથી વધારે જરૂરી છે. તે ઉપરાંત એકબીજા પરનો વિશ્વાસ સૌથી મહત્વની કડી છે, જે બંનેને બાંધી રાખે છે. તેનાથી સંબંધ હંમેશા પ્રેમભર્યો બની રહે છે. જીવનમાં કેટલીક નાની નાની બાબતો જીવન સાથે જ વણાયેલી હોય છે, છતાંય આપણે તેનો યોગ્ય રીતે ઉપયોગ કરી શકતા નથી કે પછી કરવા માગતા નથી. એકબીજાને જીવનભર સાચવી રાખવા અને જાળવી રાખવા માટે કેટલીક બાબતો પર ધ્યાન કેન્દ્રીત કરવું જરૂરી છે.

**એકબીજા માટે સમય જરૂરી**

સરળ અને સહજ જીવનમાં આનંદ મેળવવા માટે વધારે મહેનત કરવી પડતી નથી. બંને સાથે મળીને એવો સમય શોધી કાઢો. જેનાથી એકબીજાના મનમાં રહેલો એકબીજા માટેનો પ્રેમ પહેલાની જેમ જ ખીલી ઊઠે. તમે સમય કાઢીને સાથે ફરવા જઇ શકો છો. એકબીજા માટે સરપ્રાઇઝ પ્લાન કરી શકો છો. પ્રેમ વ્યક્ત કરવાની આનાથી વધારે બીજી સારી પદ્ધતિ બીજી કોઇ હોઇ શકે નહીં. પત્ની પણ ગમે તેટલી વ્યસ્ત રહેતી હોય તો પણ સાંજે સાથે આંટો મારવા જવાની આદત રાખો. તેનાથી સ્વાસ્થ્ય તો સારું રહેશે જ સાથે જ હળવી વાતો પર ચર્ચા કરવાનો સમય પણ મળી જશે.

**ગુસ્સા પર કાબુ રાખો**

જ્યારે પણ તમને તમારા સાથીની કોઇ વાત પસંદ ન હોય તો ગુસ્સામાં કહેતા પહેલા, બૂમો પાડતા પહેલા કે લડાઇ કરતા પહેલા એકવાર વિચારી લેજો કે આવું વર્તન કરવાથી કોઇ ફાયદો છે ખરો. આ પ્રકારનો વિચાર તમારા સંબંધને વધારે ગાઢ બનાવશે?. જો તમે તમારા સંબંધને હંમેશા જીંદાદીલ રાખવા ઈચ્છતા હો તો બંને પોતાના ક્રોધ પર કાબૂ રાખતા શીખો.

**થોડા સાથની જરૂર**

પતિ પોતાના કાર્યના કારણે વધારે સમય બહાર રહેતા હોય તો તેના કારણે પત્નીએ રીસાઇ જવાની કે દુખી થવાની જરૂર નથી. તે અંગે શાંતિથી ચર્ચા કરો. તમે પતિને સ્પષ્ટ રીતે કહો કે તમને તેમના સાથની જરૂર છે, તમે તેમની સાથે સમય વિતાવવા ઈચ્છો છો. કેટલાક પ્રસંગોમાં તેમનો સાથ ન હોય તો તમને તેમના વિના ગમતું નથી તેવું સ્પષ્ટ કહેતા શીખો. જો તમે એકબીજા સાથે વાત નહીં કરો તો તમારા સંબંધમાં તણાવ ઉત્પન્ન થવા લાગશે.

**ભાગીદાર છે એ પણ**

જ્યારે પણ તમે તમારી સફળતાની વાત કે ચર્ચા કરતા હો, તો દરેકમાં ફક્ત પોતાના કામને જ મહત્વ ન આપો, તેમાં તમારા પતિને પણ ભાગીદાર ગણાવો. તમારા જીવન સાથે જોડાયેલી આશાઓ અને આકાંક્ષાઓની જાણકારી તેમને પણ કરાવવી જોઇએ.

**કોઇ વાત મનમાં ન રાખો**

જૂના ઝઘડા, ફરિયાદો, કહેલું-સાંભળેલું જેવી વાતોને મનમાંથી હંમેશા માટે દૂર કરી નાખો. જો તમે બંને કડવી વાતોને તમારા મનમાં સાચવી રાખશો તો તમને તેનાથી તકલીફ થશે. તમે ઈચ્છતા ન હો છતાંય ક્યારેક તમે તમારા સાથી સાથે તે અંગેની ચર્ચા કરી બેસો અને તેનાથી તમારા સંબંધમાં ખટરાગ ઊભો થાય. ખટાશ આવી જાય. કેટલીક વાતોને ભૂલી જવામાં જ શાણપણ છે.

**બજેટ પરની ચર્ચા**

એકસાથે બેસીને ઘરના ખર્ચનું બજેટ તૈયાર કરો. સાથે જ બજેટને જ્યારે જરૂર હોય ત્યારે કેવી રીતે ખર્ચ ઓછું કરીને બચત કરી શકાય તે પણ ચર્ચા કરો. આ રીતે બંને સમજદારીથી પૈસાની બચત કરી શકશો.

**સમજણ જરૂરી**

દાંમ્પત્યજીવનમાં મોટાભાગે બાળકોની બાબતને લઈને કે બાળકે કઇ કહ્યું હોય અને ખોટી રીતે તેનું અર્થઘટન કરી લઈએ તો ખટરાગ ઊભો થાય છે. એટલે પહેલા જેના કારણે તે ઘટના ઊભી થઇ હોય તેની પરિસ્થિતીને સમજવાનો પ્રયત્ન કરો. કારણ જાણ્યા વિના એકબીજાને દોષારોપણ કરવું સમજદારી નથી.

**થોડુંક પરિવર્તન કરવું**

પોતાને સંપૂર્ણ રીતે બદલવું શક્ય હોતું નથી, પણ જો થોડાક બદલાવથી એકબીજા વચ્ચેનો પ્રેમભાવ ગાઢ બનતો હોય તો તમારા સ્વભાવ અને વ્યવહારમાં થોડુંક પરિવર્તન કરવામાં સંકોચ અનુભવશો નહીં.

**અનુભવ જણાવો**

આજકાલના વ્યસ્ત સમયમાં તણાવથી હંમેશા ઘેરાયેલા રહેવું પડે છે. તેનું સૌથી સ્પષ્ટ સમાધાન એકબીજા સાથેની વાતચિતથી દૂર કરી શકાય છે. જીવનસાથી સાથે દરેક નાની બાબતની વાત કરો અને તેમને પણ તેના માટે પ્રેરિત કરો. અકબીજાની વાત ધ્યાનથી સાંભળો. તે સમય દરમિયાન તમને કોઇ ડિસ્ટર્બ ન કરે તેનું ખાસ ધ્યાન રાખો. એકબીજા સાથેની વાતચિતથી મન હળવું થઇ જાય છે અને કોઇપણ તકલીફ મોટી લાગતી નથી. વાતચિત દરમિયાન કોઇ એવા વિષયની ચર્ચા ન કરો જેનાથી વિવાદ ઊભો થાય.

**વ્યક્તિગત મોકળાશ**

દાંમ્પત્યજીવનમાં વ્યક્તિગત મોકળાશનું પોતાનું જ એક અલગ મહત્વ હોય છે. વ્યક્તિગત મોકળાશનો અર્થ એવો થાય છે કે એકબીજા સાથે રહેતા હોવા છતાંય બંનેને સ્વતંત્ર હોવાનો અનુભવ થતો રહે. તેનાથી તમે બંને સંપૂર્ણતાનો અનુભવ કરતા રહેશો.

**પારિવારિક દોષારોપણ ટાળો**

ક્યારેક ક્યારેક જીવનમાં કડવાશ એટલા માટે ઘોળાઇ જતી હોય છે કે બંને એકબીજાના પરિવાર ઉપર દોષારોપણ કરવા લાગે છે. એકબીજાની વાતોમાં પરિવારના લોકોને દોષ દેવો તે યોગ્ય નથી. જો તમને લાગતું હોય કે કેટલાક લોકોના કારણે તમારા દાંમ્પત્યજીવનમાં મુશ્કેલ સવાલ આવી રહ્યા છે, તો તેવા લોકોથી દૂર થઇ જવું વધારે યોગ્ય રહેશે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા
પાંચ ગદ્ય રચના પ્રસિદ્ધ કરવામાં આવી છે.
વિષય : "જીત - હાર,વિજય - પરાજય".
તેમજ
"માં" વિષયક રચનાઓ. દિવસ - 3
www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
નિર્ણાયક મંડળ :જયશ્રીબેન પટેલ, માયાબેન દેસાઈ
એડમિન ટીમ.: નિર્ણાયક મંડળ, જયકાંતભાઈ ઘેલાણી,વિભૂતિ બેન દેસાઈ, પ્રદિપ રાવલ,સહયોગી : આરતી મરચંટ,અરૂણાબેન ત્રિવેદી
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews

---

## NOG SS No/022

વિષય : હાર, જીત, વિજય, પરાજય
વિભાગ : ગદ્ય
પ્રકાર : લેખ
શીર્ષક : ભાઈ

રણધીરે હવામાં ગોળીબાર કર્યો અને જોરથી પૂછ્યું "ઠીક હૈ?"

સામેથી પણ ગોળીનાં ફાયર થવાનો અવાજ આવ્યો અને એક અવાજ તેની પાછળ ગુંજ્યો, "ઠીક હું!

રણધીરને રાજસ્થાન સ્થિત ભારત-પાકિસ્તાન સરહદ ઉપર આવીને ત્રણ મહિના થઈ ગયાં હતાં.તે મુખ્ય ચોકીથી થોડે દૂર આવેલ નાની ચોકી ઉપર હતો. અહીં કાશ્મીર સરહદ જેવાં છમકલાં ભાગ્યે જ થતાં હતાં.

સામેની પાકિસ્તાની ચોકી ઉપર સ્થિત હસનને સારી રીતે ઓળખવા લાગ્યો હતો. બોર્ડર ઉપર તેમની એક બે વાર અલપઝલપ મુલાકાત થઈ હતી. હસનનો ચહેરો રણધીરના નાના ભાઈ રણબીર સાથે મળતો આવતો હતો.

રોજ રાત્રે આ રીતે ફાયર કરીને આ રીતે એકબીજાનાં ખબર અંતર પૂછી લેતાં. બીજે દિવસે રણધીરને એક પત્ર મળ્યો જે વાંચીને તે ઉદાસ થઈ ગયો. પત્રમાં રણબીરે લખ્યું હતું, " મોટાભાઈ, આજે કોરોનાને લીધે માતાનું મરણ થઈ ગયું છે. હું અંતિમસંસ્કાર પણ નથી કરી શક્યો, કારણ હું પણ કોરોના પ્રભાવમાં છું અને મને ત્યાં જવાની રજા ન મળી. તમે ચિંતા ન કરશો, હું જલદી જ ઠીક થઈ જઈશ અને આવતાં વર્ષે ફોજમાં ભરતી થઈ જઈશ."

રણધીરે પોતાનાં ઉપરી પાસે રજા માંગી પણ ઘણાં બધાં સૈનિકો રજા ઉપર હોવાથી તેને રજા ન મળી. સીમા ઉપર ચોકીપહેરો રાખવો એ તેનું કર્તવ્ય હોવાથી તે પોતાની ફરજ દિલથી નિભાવતો હતો.

ચાર દિવસ પછી એક રાત્રે તેણે ખબર અંતર પુછવા ગોળીબાર કર્યો પણ સામેથી જવાબ ન આવ્યો અને તેને બદલે ઉધરસનો ધીમો અવાજ આવ્યો. રણધીરને ચિંતા થવા લાગી પણ નો મેન્સ લેન્ડમાં પગ મુકવો એ અપરાધ હતો. બીજીવાર ફરી ઉધરસનો અવાજ આવ્યો એટલે તેણે પોતાનું માસ્ક ચડાવી પાકિસ્તાની ચોકી તરફ દોટ મૂકી.

તે ચોકી પાસે પહોંચ્યો તે સમયે હસનનો અવાજ આવ્યો, "મારી નજીક ન આવતાં, કદાચ મને કોરોના થઈ ગયો છે." એટલું કહીને તે અવિરત ઉધરસ ખાવા લાગ્યો. રણધીરે જોયું કે તેને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી છે.

રણધીર તરત ચોકી તરફ પાછો વળ્યો અને ઝડપથી તેને આપવામાં આવેલ પીપીઈ કિટ પહેરી લીધી અને દવાનું બોક્સ હાથમાં લીધું, જેમાં અણધારી પરિસ્થિતિ માટે દવાઓ અને ઇન્જેક્શન રાખેલાં હતાં. તે ઝડપથી હસન પાસે પહોંચ્યો અને તપાસીને તાત્કાલિક એક ઇન્જેક્શન આપી દીધું, જેના લીધે હસનને થોડી રાહત થઈ. પછી થોડી દવાઓ આપીને રણધીર વહેલી સવારે ચોકીએ પહોંચ્યો. તેનો ચહેરો એક જીવ બચાવ્યાના સંતોષથી ચમકી રહ્યો હતો.

બીજે દિવસે તેને એક પત્ર મળ્યો. પત્ર તેના ગામના સરપંચનો હતો. તેણે ધ્રુજતાં હાથે તે ખોલ્યો. તેના ભાઈ રણબીરનું કોરોનાને લીધે મૃત્યુ થઈ ગયું હતું. તે ભાંગી પડ્યો, તેને ખબર ન પડી કે તેની હાર થઈ કે જીત. કદાચ તેને રજા મળી હોત તો!

તો કદાચ હસન! તેણે આંખનાં ખૂણેથી બહાર આવી રહેલાં આંસુને લુછી દીધું. તેણે એક? ભાઈ ખોઈ દીધો હતો પણ બીજા ભાઈને બચાવી લીધો હતો.

જ્યોતિન્દ્ર દિનેશચંદ્ર મહેતા, પાલઘર

NOG. સાહિત્ય સરિતા (૧)

## NOG SS No. 0029

વિભાગઃ ગદ્ય
વિષયઃ હાર જીત
શીર્ષકઃ "અમે"

"અમે"
અમે એક થયાં. એક રહ્યાં.
સંજોગ સાથે લડતાં-જીતતાં-હારતાં ગયાં
પણ જિંદગીનો પાયો હાર જીતનાં
ચણતરમાં પાક્કો કરતાં ગયાં.
સ્વભાવ અભાવને પચાવી લીધો. એની
ધીરજ-મારી અધીરાઈ.
એની ગંભીરતા-મારી સહજતા.
એના મૌન સંવાદ-મારી વાચાળતાનાં
નિબંધ લખતાં ગયાં.
અમારી પસંદ નાપસંદ સાવ જૂદી. એના
અલગ વિચાર-મારા અલગ વિચાર.
બસ, ક્યાંક એક થયાં તો ક્યાંક બે
છતાં સંતુલન કરતાં રહ્યાં.
અમે પ્રેમથી જીવીએ છીએ.
સ્વર-તાલ હું સાચવી લઉં.
એ ગીતોમાં પ્રેમ પુરાવે.
આ કપરા સમયમાં વિજય પરાજયને
કોરાણે મૂકી અમે સરળ જીવતાં રહ્યાં.

-લીના વછરાજાની.

---

## NOG SS No/0044

વિષયઃ-હાર,જીત,વિજય, પરાજય
પ્રકારઃ- ગદ્ય
શીર્ષકઃ- પાષાણ હ્રદય.

નારી હ્રદય તો ઋજુ હોય,આજે એ બન્યું પાષાણ! મારી માતાનું હૈયાફાટ રુદન, ન પીગળાવી શક્યું એ ?પાષાણ હ્રદયને. પાષાણ હ્રદયની મહિલા તબીબે મને, દીકરી હોવાને કારણે, મારી માનાં ઉદરથી દૂર કરી. આજે પૈસા આગળ પાષાણ હ્રદય જીત્યું ,ઋજુ હ્રદય હાર્યું.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

---

## NOG SS No : 0079

શીર્ષક : શું ગમે?
ગદ્ય

તમને પૂછવાનો વિચાર આવ્યો ? શું ગમે હાર કે જીત ? મને જવાબની ખબર છે. હાર અથવા જીત યા જય કે પરાજય એક નિશ્ચિત છે. માનવીનું મન હંમેશાં જીત યા જય ચાહે છે. એ ભૂલી જાય છે કે દર વખતે પરિણામ ધાર્યા પ્રમાણે નથી આવતું.

આશા જીતની યા જયની રાખવી ઉચિત છે. કિંતુ ધાર્યું પરિણામ ન આવે તો તેનો ખેલદિલીથી સ્વીકાર કરવો તે અગત્યનું છે . જીત અહંકાર વધારે હાર નિરાશાનો પરિચય કરાવે. એ બંને પરિસ્થિતિ યોગ્ય નથી .

જીત થાય તો સમજવું પ્રયત્ન સફળ થયો. હાર મળે ત્યારે લાગે પૂરતી મહેનત કરી ન હતી.

હંમેશાં સારું થાય તો મેં કર્યું અને બગડે તો ઈશ્વરની મરજી કહી છટકી જઈએ.

જિંદગીની બાજી હંમેશાં હાર અને જીતને અનુલક્ષીને નથી હોતી . કિંતુ માનવી દરેક સ્થળ અને સંજોગમાં સ્પર્ધા ને મહત્વ આપે છે. જીંદગી સરળ અને સહજ બને તે આવકાર્ય છે.

જીત મેળવી માનવી અહંકારી બની કાર્ય તરફ ઉદાસિનતા કેળવશે.

હાર પામેલ વ્યક્તિ ઉમંગનો સંચાર કરશે.

હાર અને જીતની ચુંગલમાં ફસાયા વગર જે થાય તે જોયા કરવું, નિયત સાફ રાખવી. જે મળે તેને આવકારવું .

પ્રવિણા કડકિઆ

---

ન્યુઝ ઓફ ગાંધીનગર માતૃ દિવસ નિમિત્તે
શીર્ષક : મા તારી યાદમાં

## NOG NO 0052

શું દિવસો હતા મા તારા હાથે જમવા મળતું, ગરમ ગરમ તું પીરસતી અને હું તેમાંય નખરાં કરતો ખાવા માટે , તોય તું વિના અકળાયે મને શાંતિથી તારી સાથે બેસાડતી અને ભરપેટ જમાડતી, હું કહેતો "તું તો ખાઈ લે" તો જવાબ કેવો આપતી મારી મા ખબર છે , "દીકરા તું જમી લે મારે હજી ઘણાં કામ છે પછી જમીશ."

આ પછી પછી....તો તેનું બહાનું રહેતું. કદાચ હું ભૂખ્યો ન રહી જાઉં.

ખાતા ખાતા અંત્રાસ આવતી તો મારી મા "બેટા ધીરે ધીરે જમ," વાહા પર પ્રેમથી હાથ ફેરવી પાણીનો ગ્લાસ ધરતી. કામ કરતી પણ કદી કહીને બતાવતી નહોતી. દાઝી જતી તો ઉહકારો કરતી નહોતી.મારા પહેલાં તે જાગતી પછી મને ઉઠાડતી કેમ ખબર છે મારી ઊંઘમાં ખલેલ ન પહોંચે તે માટે.કેટલી સમજદાર હતી મારી મા.

તડકામાં બહાર નીકળવા નહોતી દેતી ,"આ પગરખાં પહેરીને રમ , પગમાં તને દાઝશે, છાલા પડી જશે,"બહુ ધ્યાન રાખતી'તી. તડકો તો સહેજપણ વેઠવા નહોતી દેતી. આજે તો નોકરી જ તડકામાં બહાર ફરીને કરવાનો સમય આવ્યો છે , મને તડકો ઘણો લાગે છે,તારા પ્રેમ ભર્યા શબ્દોની હુંફ મેળવવાં હું તરસી રહ્યો છું, તારો પ્રેમ પામવા વલખાં મારી રહ્યો છું.

આવા સમયે મને મા યાદ આવે છે.

બીમાર પડું તો મારા શરીરે ગરમ પોતા મૂકી દેતી, મારી સાથે બેસતી ,કેવી સાર સંભાળ લેતી ,ખોળામાં માથું મૂકી મને સુવડાવતી, જાણે બીમાર હું નહી મારી મા હોય તેમ વર્તન કરતી.પગ દબાવી આપતી."બેટા તારે શું ખાવું છે",જે ફાવે તે બનાવી આપતી.તે મારી મા હતી ને સાહેબ એટલે જ આવું કરતી'તી. હાલ તો રૂપિયા છે , પત્ની, બાળકો પરિવાર ઘણો છે, જોઈએ તે બધું જ છે.સપનાં પૂરા કરવા માટે સક્ષમ છું, બધું ખરીદી શકું છું,પણ....મા નથી ,એ ક્યાંથી લાવું, સંભાળ કરનાર મારી મા જો નથી તે ક્યાં છે ?મને થાક લાગે છે ,"બેટા થાકી ગયો" એમ કહી માથે હાથ ફેરવી પાણીનો ગ્લાસ આપનાર , હેત કરનાર મારી માવડી કયાં છે. મનમાની મે ચલાવે રાખી તોય મારી મનમાની ચાલવા દેતી , હવે તો મારું ચાલવા જ ક્યાં કોઈ દે છે.મારી મા જો નથી ને. માતૃ દિવસે સંજીવ સ્વર્ગીય મા નો ફોટો સામે રાખી પોતાની વ્યથા ઠાલવતો હતો. કાગળ પર 'મા જ મા' હતી.બંધ ઓરડાની નિર્જીવ વસ્તુઓ પણ સંજીવને જાણે સાથ આપી રહી હતી.ઓરડામાં નિરવ શાંતિ હતી.

કાગળ પૂરો ભીજાય ગયેલો.કેમ કે આંસુ રૂપે આજ મા વહેતી હતી.

સંજય તરબદા "સાંજ",વડોદરા

---

## NOG SS No. 0079

ગદ્ય
શીર્ષક :માવડી

"ભગવાને મા બનાવી , માએ આપણને બનાવ્યા", કોણ ચડે?
ભગવાન કે મા"?

આપણો જન્મ થયો ત્યારે એક માતાએ પણ જન્મ ધારણ કર્યો હતો, એ સદા યાદ રહે. પછી એ મારી કે તમારી હોય યા પ્રાણથી પ્યારા પતિની !

આ જગે આગમન અને પ્રથમ શ્વાસ જેને આભારી છે તે માને શત શત પ્રણામ. જેના પ્યારથી સતત ભિંજાઈ . જેના આપેલા સંસ્કારથી આજે ઉભરાઈ એ મા હંમેશા સંગે છે.

માને માટે લખાયેલો દરેક શબ્દ અંતરના ઊંડાણમાંથી નીકળે તેમાં નવાઈ ન પામશો.

સાદો સિધો મ પ્રેમ સહિત મળ્યો "કાના" ને , પરિણામ નજરની સામે છે.

ખાસ કહીશ "સાસુમા" આપણા પ્રાણથી પ્યારા પતિની મા છે. તેને દુભાવશો નહી. તે માત્ર પ્રેમની પ્યાસી છે. પોતાના બાળકની મંગલ કામના ,એ તેના જીવનનો ઉદેશ છે.

મા તું મારી જગમાં સુંદર
તુજને લાખો પ્રણામ રે
તારો વહાલ ભર્યો સ્પર્શ
હૈયું સદા તલસે રે

આમ તો તું રોજ યાદ આવે ,આજે તને તેમજ પૂજય બાને યાદ તરી દિલનાં ભાવ વ્યક્ત કર્યા.

પ્રવિણા કડકિઆ

# સરકારી હોસ્પિટલોમાં સીટી સ્કેન મશીન, વેન્ટીલેટર મશીન, એક્સ-રે મશીન, ઓક્સિજન, લેબોરેટરી વગેરે સાધન-સામગ્રીની મોટા પ્રમાણમાં અછત - શૈલેષ પરમાર

વૈશ્વિક મહામારી કોરોનાના કપરા સમયમાં આરોગ્ય વ્યવસ્થા સુનિશ્ચિત થાય અને તમામ લોકોને આરોગ્યવિષયક સુવિધા મળવી જરૂરી છે. મંદી, મોંઘવારી અને બેરોજગારીના કારણે ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારો ખુબ જ આર્થિક, માનસિક અને શારીરિક તકલીફો વેઠી રહ્યા છે. આવી કટોકટીની સ્થિતિ વચ્ચે કોરોના સંક્રમણની અતિ ઘાતક, આક્રમક અને વ્યાપક બીજી લહેરે આરોગ્યની પાંગળી વ્યવસ્થા વચ્ચે મોત સામે સંઘર્ષ કરી રહેલા ગુજરાતમાં ખુબ જ ભયાનક સ્થિતિ પેદા થઈ હોવાનું ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતાશ્રી શૈલેષભાઈ પરમારે જણાવ્યું હતું.

શ્રી શૈલેષભાઈ પરમારે જણાવ્યું હતું કે, રાજ્યમાં ડીસેમ્બર-૨૦૨૦ની સ્થિતિએ સરકારી અને જનરલ હોસ્પિટલોમાં વર્ગ-૧ની ૮૨૯, વર્ગ-૨ની ૬૨૮, વર્ગ-૩ની ૩,૮૫૭ અને વર્ગ-૪ની ૧,૦૦૬ જેટલી જગ્યાઓ ખાલી છે. રાજ્યના સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં વર્ગ-૧ની ૪૭૯, વર્ગ-૨ની ૨૯૮, વર્ગ-૩ની ૧,૧૮૨ અને વર્ગ-૪ની ૧,૧૬૪ જેટલી જગ્યાઓ ખાલી છે. જ્યારે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં વર્ગ-૨ની ૫૦૨, વર્ગ-૩ની ૧,૩૫૮ અને વર્ગ-૪ની ૧,૧૬૯ જેટલી જગ્યાઓ ખાલી છે. વર્ગ-૧ અને વર્ગ-૨ની ડોકટરો અને પેરામડીકલ સ્ટાફની મોટાપાયે જગ્યાઓ ખાલી હોવાથી નાગરિકોને મહામારીમાં સમયસર યોગ્ય સારવાર મળતી નથી.

શ્રી શૈલેષભાઈ પરમારે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ માટે બજેટમાં વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ. ૧૧,૩૨૨.૮૧ કરોડ, વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ. ૧૧,૨૪૨.૬૦ કરોડ, વર્ષ ૨૦૧૯-૨૦માં રૂ. ૯,૮૬૯.૧૬ કરોડ, વર્ષ ૨૦૧૮-૧૯માં રૂ. ૯,૭૫૦.૫૦ કરોડ અને વર્ષ ૨૦૧૭-૧૮માં રૂ. ૮,૮૦૦.૦૦ કરોડ મળીને પાંચ વર્ષમાં કુલ રૂ. ૫૦,૯૮૫.૦૭ કરોડની ફાળવણી કરેલ હોવા છતાં આજે રાજ્યની સીવીલ હોસ્પિટલો, જનરલ હોસ્પિટલો, સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં નિષ્ણાત તબીબો અને પેરામેડીકલ સ્ટાફની જગ્યાઓ મોટાપાયે ખાલી છે. આટલી જંગી રકમની ગ્રાન્ટ ફાળવી હોવા છતાં પણ આજે સરકારી હોસ્પિટલોમાં સીટી સ્કેન મશીન, વેન્ટીલેટર મશીન, એક્સ-રે મશીન, ઓક્સિજન, લેબોરેટરી વગેરે સાધન-સામગ્રીની પણ મોટા પ્રમાણમાં અછત છે. નિષ્ણાતોએ કોરોનાની ત્રીજી લહેરની આગાહી કરી છે અને મુખ્યમંત્રીશ્રીએ પણ તે સ્વીકારેલ છે ત્યારે અગમચેતીના ભાગરૂપે રાજ્યની સીવીલ હોસ્પિટલો, જનરલ હોસ્પિટલો, સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં નિષ્ણાત તબીબો અને પેરામેડીકલ સ્ટાફની જગ્યાઓ કાયમી અથવા ૧૧ મહિનાની કરાર આધારિત સીધી ભરતી કરવી જોઈએ તથા આ હોસ્પિટલોમાં જરૂરિયાત મુજબના સીટી સ્કેન મશીન, વેન્ટીલેટર મશીન, એક્સ-રે મશીન, ઓક્સિજનની સુવિધા, લેબોરેટરીની સુવિધા વગેરે મેડીકલ સાધન-સામગ્રી તાત્કાલિક ઉપલબ્ધ કરાવવી જોઈએ, જેથી નાગરિકોનો મહામુલો જીવ બચી શકે. રાજ્ય સરકારે આરોગ્ય ક્ષેત્રે ૧૦ વર્ષ કરતા વધુ સમયથી પુરા પગાર સાથે કાયમી ભરતી ના કરી જેના કારણે ગુજરાતમાં આરોગ્ય વ્યવસ્થાની પોલ ખુલ્લી પડી ગયેલ છે. કોરોના મહામારીના પહેલા અને બીજા વેવ બાદ ત્રીજો વેવ ખતરનાક અને વધુ સંક્રમણ ફેલાય તેવો હોવાની સંભાવના હોવાનું મુખ્યમંત્રીશ્રી પણ સ્વીકારે છે તેવા કપરા સમયમાં પાયાની અને પ્રાથમિક સુવિધા ગણાતી આરોગ્યની સેવા નાગરિકોને સમયસર મળી રહે તે માટે આરોગ્ય કર્મચારીઓને મહેનતાણા સાથેના લાભો મળે તે રીતે કાયમી ભરતી કરવાના બદલે ભાજપ સરકાર મહામારીના સમયમાં પણ માત્ર ૩ મહિના માટે હંગામી ભરતી કરે છે. અમદાવાદમાં જીએમડીસી ગ્રાઉન્ડમાં ધન્વંતરી હોસ્પિટલમાં કોરોના માટે કર્મચારીઓને માત્ર ૩ મહિનાના કરારથી ભરતી કરવામાં આવેલ અને કોરોનાના કેસોની સંખ્યામાં મામુલી ઘટાડો નોંધાતા ધન્વંતરી હોસ્પિટલમાંથી આ કર્મચારીઓને છુટા કરવાના આદેશો પણ કરી દેવામાં આવ્યા છે. સરકારમાં કર્મચારીઓને નોકરીની સલામતી ન હોય તો ફરજ બજાવે નહીં તે સ્વાભાવિક છે ત્યારે કોરોના મહામારીમાં ડોકટરો અને પેરામેડીકલ સ્ટાફની ૩ મહિનાના બદલે કાયમી અથવા ૧૧ મહિનાની કરાર આધારિત સીધી ભરતી તમામ લાભો સાથે કરવામાં આવે તો સરકારની અણઆવડત અને અચોક્કસ નીતિઓના અભાવે મોતના મુખમાં ધકેલાઈ રહેલી માનવ જીંદગીને બચાવી શકાય.

ગુજરાતના ૧૮,૦૦૦ ગામોમાં કોરોના સક્રમણને ફેલાતું અટકાવવા માટે તાત્કાલિક નિદાન અને પુરતી સારવાર સમયસર મળી રહે તે માટે ગ્રામ્ય કક્ષાએ સુવિધા ઉપલબ્ધ હોવાની વાત તો દૂર રહી પરંતુ તાલુકા કક્ષાએ પણ નિદાન માટે જરૂરી RT-PCR ટેસ્ટ, સીટી સ્કેન, ડી-ડાઈમર સહિતના ટેસ્ટ થઈ શકે તેવી સુવિધા ઉપલબ્ધ નથી. કોરોના કાળને સવા વર્ષ જેટલો સમય વીતી ગયો હોવા છતાં વાયબ્રન્ટ ગુજરાતની વરવી વાસ્તવિકતા એ છે કે રાજ્યના અમુક જીલ્લામાં જીલ્લા મથકે RT-PCR ટેસ્ટની પણ સુવિધા ઉપલબ્ધ થઈ શકેલ નથી ત્યારે ગ્રામ્ય કક્ષાએ સવા વર્ષ વીતી ગયા પછી કોરોનાના નિદાન માટે મહત્વના RT-PCR ટેસ્ટ ક્યાંથી ઉપલબ્ધ કરાવી શકાય ? ગ્રામ્ય કક્ષાએ ૮-૧૦ કે તેથી વધુ ગામો વચ્ચે માત્ર એક સામુહીક આરોગ્ય કેન્દ્ર (CHC) કે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC) હોય છે ત્યાં પુરતા પ્રમાણમાં કોરોના ટેસ્ટીંગ માટેની રેપીડ એન્ટીજન ટેસ્ટની સુવિધા પણ ઉપલબ્ધ નથી ત્યારે RT-PCR ટેસ્ટની તો વાત જ કયાં કરવી ? ભાજપ સરકાર મળતિયા ઉદ્યોગપતિઓને ફાયદો કરાવવા વાયબ્રન્ટના નામે માત્ર તાયફાઓ જ કરે છે, નાગરિકોના આરોગ્યની ભાજપ સરકારને કાંઈ પડી નથી.

# કોરોના વિષયક પ્રજામાં વાસ્તવિકતા

સર્વપ્રથમ તો મગજ માંથી કાઢી નાખો કે કોરોના છે.છાતીમાં કફ ભરાઈ જાય છે તેથી શ્વાસ લેવામાં તકલીફ પડે છે. પરંતુ લોકો આ વાત સમજતા નથી અને હાફળા ફાફડા થઈ ઓક્સિજનના બાટલા લેવા દોડી પડે છે,એલોપથી દવાઓ કફ જમાવવાના(હટાવવાના નહી)ઈન્જેકશન,અને સ્ટીરોઈડ જેવા મોંઘા અને ખતરનાક ઈન્જેક્શન લેવા માટે દોડાદોડી કરે છે. અરે મારા ભાઈ પહેલા તો એ વિચારો કે શ્વાસ નળીમાં જે કફ ભરાઈ ગયો છે, હોલ ભરાઈ ગયો છે તેને દૂર કરવો જોઈએ કે ઓક્સિજનનો બાટલો ચડાવવો જોઈએ?મારા મિત્ર,પહેલાના સમયના જૂના પિત્તળના પ્રાઈમસનાં વાયસરનો હોલ ભરાઈ ગયો હોય તો આપણે જેમ વાઈસર માં પીન મારી તેના હોલ માંથી કચરો દૂર કરીને પ્રાઈમસને જગવીએ છીએ તેવી રીતે પહેલા શ્વાસ નળી છે તે કફથી ભરાઈ ગઈ છે તે કફને દૂર કરો તો બધી સમસ્યા દૂર થઈ જાય તેમ છે. વાતારવરણમાં તો ભરપૂર ઓક્સિજન છે,તેમાં બાટલા લેવાની ક્યાં જરૂર છે? અને ડોક્ટરો કહે છે કે ફેફસા ડૅમેજ થઈ ગયા છે તો હું કહું છું કે ડોકટરસાહેબ ફેફસાં ડેમેજ નથી થયા પરંતુ ફેફસાની અંદર કફ ભરાઈ ગયો છે અને ચૈત્ર મહિનામાં કફનો પ્રકોપ થતો હોય છે. પહેલા કફને દૂર કરો દિવસ માં ત્રણ ટાઈમ લીંબુ અને સિંધાલૂણ નાખી આદુ નો રસ દર્દીને પીવડાવવા ની સલાહ આપો.આદુ છે એ પિત્ત પ્રકૃતિવાળી વસ્તુ છે,ગરમ છે અગ્નિ તત્વ છે, અગ્નિતત્વ થી છાતી માં રહેલો, ફેફસામાં રહેલો,ચોંટેલો,જામેલો કફ ઓગળી જશે. દિવસમાં ત્રણ વખત આદુ,મીઠું,લીંબુ નો રસ એક એક નાની વાટકી પીઓ તો શરીર માં જમાં તમામ વધારાનો કફ ઓગળી જશે અને શ્વાસ નળીમાં ઓક્ષીજન સરળતા થી અવજા કરી શકશે.સફેદ વસ્તુઓ કફ કરે છે .જેમકે ઘી છે,દૂધ છે,દહીં છે મીઠાઈ છે,ખાંડ છે,શેરડી છે,ભાત છે આ બધી સફેદ વસ્તુ કફકારક છે.તો કફકારક વસ્તુઓ લેવાની બંધ કરો,ખાવાની બંધ કરો અને પિત્ત પ્રકૃતિવાળી કે અગ્નિ તત્ત્વવાળી વસ્તુઓ જેમકે આદુ છે,હળદર છે,ચોસઠ પહરી પીપર છે, સિતોપલાદી ચૂર્ણ છે,લક્ષ્મીવિલાસ રસ છે,ફુદીનો છે આ બધી વસ્તુ લેવાનું ચાલુ કરો એટલે છાતીમાં કફ ભરાઈ ગયો છે તે છૂટો પડી જસે, ઓગળી જશે અને મળ દ્વારા નીકળી જશે.સવારે થોડો સમય દસ મિનિટ,પાંચ મિનિટ દોડવાનું રાખો.દસ મિનિટ દોડ લગાવસો તો પણ તમારા ફેફસામાં જામેલો કફ છે તે દોડવાથી ગરમી ઉત્પન્ન થશે તેનાથી ઓગળી જશે.એક પણ રૂપિયાનો ખર્ચો કર્યા વગર છાતીમાં જામેલો કફ દોડવાથી ઓગળી જાય છે.ભય થી મુક્ત થઈ જાઓ,ગભરાસો નહીં અને છાતીમાં ચોંટેલો કફ કેમ ઓગળી જાય એના માટે દેશી ઉપાય કરો.એલોપથીનાં ડોક્ટર તમારા ફેફસામાં જામેલા કફને ઓગાળવામાં નહીં પરંતુ જમાવી દેવા ની દવાઓ આપે છે.એલોપથીથી તે સુકાઈ ગયેલો કે જામી ગયેલો કફ થોડો ટાઈમ પછી પાછો ભીનો થઈ અને પાછો જેમ હતો એમ જ રહે છે અને ફેફસામાં પાછું તમને શ્વાસ લેવામાં તકલીફ પાડે છે.આપણે ભુંગરુ સાફ કરવું છે કચરો કાઢવો છે.શ્વાસનળી રૂપી નળીમાં રહેલો,ચોંટેલો,જામેલો કફ કાઢવો છે.જેમ બરફને ઓગાળવા માટે તેને ગરમીમાં રાખવો પડે તેવી રીતે જ છાતી,ફેફસાં,શ્વાસ નળીમાં જામેલા કફ ને ઓગળવો હસે તો એને આપણે શરીરમાં ગરમ વસ્તુ નાખી ઓગાળવો પડશે. ગરમ વસ્તુ કહેતાં ગરમ ગરમ ટમેટાંનું શુંપ.સવારે લીંબુ અને સિંધવ મીઠું નાખીને ગરમ પાણી પીવો.આદુ નો રસ લીંબુ ,મીઠું નાખી ને પીઓ. જેટલી વધારે ગરમ વસ્તુઓ નું સેવન કરસો તેટલો તમારી છાતીમાં જામેલો કફ સરળતાથી વગર દવાએ ઓગળી જશે.ચૈત્ર મહિનામાં કફનો પ્રકોપ થાય છે અને આખા શરીર નો કફ ફેફસાં મા જમાં થાય છે અને શ્વાસ લેવા માં તકલીફ કરે છે.માટે સર્વપ્રથમ કફકારક વસ્તુઓ ખાવાની,પીવાની બંધ કરી દો એટલે નવો કફ નહીં થાય અને આદુ,હળદર, સૂંઠ જેવા અગ્નિતત્વ થી ભરપુર ઔષધો નો ઉપયોગ કરસો તો જૂનો કફ ઓગળી જશે એટલે શ્વાસ લેવાની જે તકલીફ છે એ પણ સરળતા થી દૂર થઈ જશે અને ઓક્સિજનના બાટલા ચડાવવાની જરૂર નહિ પડે.અરે ભાઈ ખોટા ઉપાયો શા માટે કરો છો?કફ જામી ગયો છે અને કફ કાઢવા નો છે ગમે એટલા ઓક્સિજન ના બાટલા લગાડશો પણ કોઈ ફાયદો નહીં થાય. શ્વાસની નળીઓ માં જામેલો કફ પ્રથમ ઓગાડવો પડશે અને તેના માટે સવારે એક ગાંગડો આદુનો રસ કાઢી અને એક વાટકીમાં લઈ અને એની અંદર મીઠું,લીંબુ નાખી પી જાઓ. સવારે ઊઠીને બપોરે જમતી વખતે જમ્યા પહેલા અડધી કલાક પહેલા પણ એક વાટકી આદુનો રસ પી જાઓ અને સાંજે પણ જમતા પહેલા અડધી વાટકી આદુનો રસ લઈ પી જાઓ તો તમને ભૂખ પણ લાગશે અને છાતીમાં રહેલો બધો કફ ઓગળી જશે.ચૈત્ર મહીનામાં કફ નો પ્રકોપ હોય જ,આખા વર્ષમાં આપણે જે ભારે વસ્તુ ખાધી હોય છે,લગ્ન પ્રસંગમાં અને તહેવારો ઉપર મિઠાઇઓ આરોગીએ છીએ તેનો કફ બનતો હોય છે તે કફ ચૈત્ર મહિનામાં ફેફસામાં આવે છે અને ત્યાં જમા થાય છે.એટલે તે કફને પહેલા આપણે સાફ કરવો પડશે.એટલે જ આ મહિનામાં રમજાન મહિનો આવે છે,જૈન લોકો નો પર્યુષણ માસ આવે છે, અને હિન્દુ લોકો માં ચૈત્રી નવરાત્રી આવે છે,આ મહિનામાં તમારે બે ત્રણ નિર્જળા ઉપવાસ કરવા જોઈએ,કઈ જ ખાવું ન જોઈએ,ફક્ત ખાલી પેટ રાખવાથી પેટમાં અગ્નિ પ્રદીપ્ત થાય છે અને ફેફસાં માં જે જૂનો કફ છે તે ઉપવાસથી જાગૃત થયેલ અગ્નિથી પાણી જેવો પતલો થઈ મળ વાટે બહાર નીકળી જાય છે અને ઉપજાવી કાઢેલા બનાવટી કોરાનાથી મુક્તિ મળી જાય છે.કોરોનાને કોરોના નહીં શરદી,કફ,ઉધરસ કહો.કોરોના નામ નો કોઈ રોગ જ નથી. તાવ,શરદી,ઉધરસ ને નવું નામ આપી લોકો ને બિવળવવા માં આવે છે. ડર ગયા સમજો વો મર ગયા.જે લોકો મારી જેમ દેશી,આયુર્વેદિક પ્રયોગ કરતા હોય એને કાંઈ કોરોના બોરોના થાય નહીં કારણકે તે સમજે છે કે કોરોના ના નામે ખોટી દવાઓ આપીને લોકો ને મારવામાં આવી રહ્યા છે.આ વાત સમજી ગયેલા લોકો મોજથી જીવતા હોય છે.આપણા મોદી સાહેબે પણ હમણાં પશ્ચિમ બંગાળ માં ચૂંટણી હતી ત્યારે ૪૦ સભાઓ વગર માસ્ક પહેરી ને નો કરી?નહીં કોઈ સોશિયલ ડિસ્ટન્સ કે નહિ કોઈ માણસો ને ભેગા કરવા ની લિમિટ.હજારો માણસો ની મેદની માં બિન્દાસ પ્રવચનો આપ્યા તેમ છતાં તેમને કોરોના થયો ? જે લોકોને પોતાના શરીર ની ચિંતા હોય છે તેઓ અગાઉ થી દેશી ઉપચારો કરતા હોય છે અને મસ્તીથી ફરતા હોય છે એને ટેસ્ટ કરાવવાની પણ જરૂર નથી કારણકે તેઓ પહેલી ઉધરસ આવે,પહેલી છીક આવે કે તુરંત આદુ, સુઠ,હળદર, મરી,લીંબુ નું સેવન ચાલુ કરી દેતા હોય છે. તમારા મગજમાંથી કાઢી નાખો કે કોરોના છે તો ટેસ્ટ કરાવવા પણ ક્યાં જવું પડે.આ વાત ને મગજમાં ઉતારો અને આ વાત બધાને શેર કરો કે ભાઈ કોરોના નથી શરદી,ઉધરસ,તાવ ને કોરોના નામ આપી ખોટી દવાઓ આપવામાં આવે છે.જો રોજ સવારે ત્રિફલા ચૂર્ણ એક ચમચી લેસો,આદુ,હળદર, મરી નો ભરપૂર ઉપયોગ કરશો તો તમે મોજથી જીવી શકશો, તમારે નહિ ઓક્સિજનના બાટલા ઉપર રહેવું પડે કે નહીં ડોક્ટરોના પાછળ દોડવું પડે કે નહીં કોઈ હોસ્પિટલ ગોતવી પડે નહિ પૈસાનું પાણી થાય.અરે ભાઈ કેટલી કેટલી મહેનતે પૈસા કમાવાયા છે તેની આપણને ખબર છે તો તમારી મહેનતના પૈસા તમે આમ ને આમ ખોટા ડોકટરી ઈલાજોમાં વેડફી દેવાં કરતા શરદી કે તાવ નો થાય તેના દેશી ઈલાજ કરોને?પુર આવે તે પહેલાં પાળ બાંધી લે તે સમજદાર વ્યક્તિ કહેવાય.ભયંકર,ક્રોનિક શરદી થઈ જાય ત્યાં સુધી કોઈ ઈલાજ ના કરો તો તેમાં તમારો જ વાંક છે.દુશ્મન ને ઊગતો જ ડામી દેવામાં શાર છે.પહેલી છિક કે પહેલી ઉધરસ આવે ત્યારથી જ જાગૃત બની આદુ, સુઠ,હળદર નો ભરપૂર ઉપયોગ કરવા માંડો તો કોઈ જ ટેસ્ટ કરાવવા ની જરૂરત ના પડે.નહીં તો જિંદગીભરની બધી કમાણી ડોક્ટર ને આપી દેવી પડશે તેમાં બે મત નથી. કફને જડમુળ થી ઉખેડી ફેંકી દેશો તો તમારી જિંદગી આનંદ અને મસ્તી થી પસાર થશે.કફ હટાવવાના પ્રયોગ કરશો તો બધું સારું થઈ જશે.કફ થઈ ગયો હોય,કે વારંવાર શરદી થઈ જતી હોય તેવા લોકોએ ફ્રુટ,શેરડી,ઘઉં

ભાત,ઘી,દૂધ,છાસ,ઠંડા પીણા,મીઠાઈ,ભારે ખોરાક નો ઉપયોગ સદંતર બંધ કરી દેવો જોઈએ.ભોજન માં જે મિતાહરી એટલે કે ભૂખ જેટલું જ જમે છે,જમીને બહુ જાજુ પાણી નથી પીતા કે જમીને બહુ જાજી ઊંઘ નથી કરતા તેવા લોકો તંદુરસ્તી ની મોજ માણી શકે છે.બાકી શરદી,વાયુ અને એસિડિટી ના ભોગ બની ડોકટરને કરોડપતિ બનાવે છે.આવતી ૧૨,૫,૨૧ નાં રોજ ચૈત્રી અમાસ છે.ચૈત્ર મહિનો કફકારક હોય છે તાવ શરદી,ઉધરસ આ મહિના માં વધારે પ્રચંડ હોય છે.ચૈત્ર મહિનો પૂરો થાય પછી ૧૩/૫/૨૧ થી કફ પ્રકોપ દૂર થશે અને બનાવટી કોરોના મહામારી પણ ગાયબ થઈ જશે. પ્રણામ

**પોઝિટિવ આવ્યા હોય તેવા ૧૫ તાલીમાર્થીએ મંગળવારે પ્લાઝ્માનું દાન કરીને સમાજ દાયિત્વ અદા કર્યું**

# ભાવિ પોલીસ અધિકારીઓ પ્લાઝ્માં ડોનેશન કરી સિવિલના સેવાયજ્ઞમાં જોડાયા

કોઇ પણ સોશિયલ મીડિયાનો જો સકારાત્મક ઉપયોગ કરવામાં આવે તો તેના પરિણામ હંમેશા હિતકારી હોય છે. ખાસ કરીને કોરનાના આ વસમા કાળમાં સોશિયલ મીડિયા ટેક્નોલોજીનો સુંદર ઉપયોગ તો ખરેખર ઈચ્છનીય છે.

તાજેતરમાં જ કરાઈ પોલીસ તાલીમ અકાદમીએ અને અમદાવાદ સિવિલ હોસ્પિટલના તંત્રએ સોશિયલ મીડિયાનો આવો જ સુંદર ઉપયોગ કરીને જરૂરિયાતમંદ દર્દીઓ માટે પ્લાઝ્મા ડોનેશનનો રસ્તો જોતજોતામાં ઘણો જ સરળ બનાવી દીધો હતો.

તાજેતરમાં જ ગુજરાતના નવા તેજતર્રાર પોલીસ અધિકારીઓ તૈયાર કરીને સમાજને સમર્પિત કરવાનું મોંઘેરું દાયિત્વ ધરાવતી 'કરાઈ પોલીસ તાલીમ અકાદમી'ના એસ.પી. શ્રી હરેશ દુધાતે તેમના ટ્વિટર હેન્ડલ પરથી તાજેતરમાં કોરોનાથી સંક્રમિત થઈ સાજા થયા હોય તેવા ૨૮ તાલીમાર્થીઓ પ્લાઝ્મા ડોનેટ કરવા માગે છે તેવી ઇચ્છા વ્યક્ત કરી. અને જવાનોના નામ, બ્લડ ગ્રૂપ, મોબાઇલ નંબર જેવી વિગતો આપી સંપર્ક કરવાની તૈયારી દર્શાવી હતી.

થોડા સમયમાં જ અમદાવાદ સિવિલ હોસ્પિટલના ઓફિશિયલ ટ્વિટર હેન્ડલ પરથી કરાઈ પોલીસ તાલીમ અકાદમીના એસ.પી. શ્રી હરેશ દુધાતના ટ્વિટને રિપ્લાય આપવામાં આવ્યો જેમાં તેમને પ્લાઝ્મા ડોનેશન માટેના ધારાધોરણોની વિગત આપવામાં આવી હતી. ત્યારબાદ સિવિલ હોસ્પિટલની 'બ્લડ બૅન્કની વૅન' એન્ટિ-બોડી ટાઈટર કરવા કરાઈ તાલીમ અકાદમી ગઈ હતી. ત્યાં જઇ કુલ ૨૮ તાલીમાર્થીના એન્ટિ-બોડીઝ ટાઇટલ લેવાયા. ત્યારબાદ સિવિલ હોસ્પિટલ આવીને મશીનમાં તેને ચકાસવામાં આવ્યા જેમાંથી ૧૫ તાલીમાર્થીના ટાઇટલ પોઝિટિવ આવ્યાં હતાં. મંગળવારે સિવિલ હોસ્પિટલની બ્લડ બૅન્કમાં આ ૧૫ તાલીમાર્થીઓએ પ્લાઝ્માનું દાન કરીને સમાજ પ્રત્યેની પોતાની ફરજ અદા કરવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું હતું.

કરાઇ પોલીસ તાલીમ એડેમની નાયબ નિયામક શ્રી હરેશ દુધાત જણાવે છે કે, કોરોના મહામારી સામેની લડતમાં પ્લાઝ્મા થેરાપી પણ બહુમુલ્ય ભાગ ભજવે છે. કોરોના સંક્રમિત થઇ નેગેટીવ થઇ ગયા બાદ લોકોએ અચૂકથી પ્લાઝમાં ડોનેટ કરવું જોઇએ. જેના થકી અન્ય કોરોનાગ્રસ્ત દર્દીઓને મદદરૂપ બની શકાય છે.સિવિલ હોસ્પિટલમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર માટે દિવસ-રાત મહેનત કરી રહી હોય ત્યારે આ સેવાયજ્ઞમાં અમારા પોલીસ જવાનોને જોડાવવાનો સમગ્ર અકાદમીને આનંદ છે. કરાઇ પોલીસ તાલીમ એકેડમીના ડાયરેક્ટર જનરલ શ્રી વિકાસ સહાય, કરાઇ પોલીસ અકાદમીના પ્રિન્સીપાલ શ્રી એન.એન. ચૌધરી ના સતત માર્ગદર્શન હેઠળ પ્લાઝમાં ડોનેશનની સંપૂર્ણ પ્રવૃતિ હાથ ધરાઇ છે.

સિવિલ સુપ્રીન્ટેન્ડેન્ટ ડૉ.જે.વી.મોદીએ કરાઇ પોલીસ તાલીમ એકાદમીના ભાવિ પોલીસ જવાનોનું પ્લાઝમાં ડોનેશન કરવા બદલ અને કોરોના સામેની લડતમાં સહભાગી થવા બદલ આભાર




વ્યક્ત કરી તેમના સેવાભાવ ને બિરદાવ્યા હતા.

પ્લાઝમા થેરાપી કંઇ રીતે કાર્ય કરે છે ?

વ્યક્તિને એક વખત કોરોના થઇ ગયો હોય અને બાદમાં સ્વસ્થ થઇ જાય ત્યારે તેમના શરીરમાં એન્ટીબોડી નિર્માણ પામે છે. આ એન્ટીબોડીઝ તેને ઠીક કરવામાં મદદરૂપ બને છે. આવા વ્યક્તિ જો રક્તદાન કરે ત્યારે તેના લોહીમાંથી પ્લાઝમાં કાઢવામાં આવે છે. આ પ્લાઝમામાં આવેલા એન્ટીબોડીઝ જયારે અન્ય કોઇ કોરોનાગ્રસ્ત દર્દીના શરીરમાં નાંખવામાં આવે ત્યારે આ બીમાર દર્દીના શરીરમાં એન્ટીબોડીઝ પ્રવેશે છે જે મહદઅંશે કોરોનાગ્રસ્ત દર્દીને કોરોના સામે લડત આપવામાં સ્વસ્થ કરવામાં અસરકારક નિવળે છે. સંભવતઃ એક વ્યક્તિના શરીરમાંથી કાઢેલા પ્લાઝમાંની મદદથી બે લોકોની સારવાર સંભવ છે. કોરોના સંક્રમિત થયા બાદ નેગેટીવ થયાના બે સપ્તાહ બાદ પ્લાઝમાં ડોનેટ કરી શકાય છે.

..અમિતસિંહ ચૌહાણ

# રાજકોટના મેયર ડો. પ્રદિપ ડવ તથા ડેપ્યુટી મેયર ડો. દર્શિતાબેન શાહે ઓર્ગન ડોનેશનનો સંકલ્પ લીધો

રાજકોટના મેયર ડો. પ્રદીપભાઈ ડવ તથા ડેપ્યુટી મેયર ડો. દર્શીતાબેન શાહે ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશનના ટ્રસ્ટી મિતલભાઈ ખેતાણી તેમજ ભાવનાબેન મંડલી પાસે અંગદાન પ્રવૃતિની ખુબજ બારીકાઈથી જાણકારી મેળવી હતી, તેમજ અંગદાનનો સંકલ્પ લીધો હતો. ભવિષ્યમાં રાજકોટ મહાનગરપાલીકામાં થતા કોઈ પ્રોગ્રામમાં અંગદાન જાગૃતિનો પ્રોગ્રામ ગોઠવશે એની બાંહેધરી આપી હતી. રાજકોટમાં ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશનનાં ડો. દિવ્યેશ વરોજા, ડો. સંકલ્પ વણજારા, ડો. તેજસ કરમટા, નિતીનભાઈ ઘાટલીયા, વિક્રમભાઈ જૈન વિગેરે બધા મળી અંગદાનની પ્રવૃતિને વેગ આપે છે તેઓ બધાની કામગીરીને પ્રોત્સાહન આપી રાજકોટ મહાનગરપાલીકા વતી મેયર ડો. પ્રદિપ ડવ, ડેપ્યુટી મેયર ડો. દર્શિતાબેન શાહે શુભેચ્છાઓ પાઠવી છે.મગજ મૃત વ્યકિતના હૃદય, ફેફસાં, કિડની, લીવર, પેક્રીયાસ, નાનું આતરડું જેવા અંગો, આ જ અંગોના સંપૂર્ણ




નિષ્ફળ જવાથી જે દર્દીઓ મરણમુખ છે તેવાં દર્દીઓના શરીરમાં રોપવા માટે અંગોનું દાન થઈ શકે છે. આ પ્રક્રિયાને તબીબી વિજ્ઞાન Deceased Organ Transplan એટલે કે મગજમૃતનાં અંગોનું પ્રત્યારોપણ એ નામે ઓળખાય છે. આધુનિક તબીબી વિજ્ઞાને માનવજાત માટે કરેલી આ અદભૂત અનુકૂળતા છે. સામે આવીને ઉભેલા મૃત્યુને મ્હાત કરવાનો આ કિમીયો છે. એ માટે સૌથી આવશ્યક છે મગજમૃત (બ્રેઈન ડેડ) વ્યકિતનાં અંગોનું દાન. કિડની, લીવર, હૃદય, પેક્રીયાસ, ફેફસાં એ બધાં અંગો માનવીને કુદરતે આપેલી અદભૂત ભેટ છે. સેંકડો વ્યકિતઓનાં અંગો આખરે અંતિમ ક્રિયા થતાં નાશ પામે છે. જે ખરેખર ઘણા લોકોને જીંદગી આપી શકે તેમ હોય છે. આ સમજ સમગ્ર સમાજમા જેટલી વધુ ફેલાવી શકાય, તેટલાં વધુ અંગદાન થાય તો વધુ ને વધુ લોકોની જીંદગી બચી શકે, નવપલ્લીત થઈ શકે. દેશમાં ધાર્મિક સંસ્થાઓ, ટ્રસ્ટો, રોટરી કલબ, લાયન કલબ જેવી સેવાભાવી સંસ્થાઓ આ લોકજાગૃતિની પ્રવૃતિ હાથ ધરે તો જેમ રકતદાનમાં ગુજરાતનો આખા દેશમાં ડંકો વાગે છે તેમ થઈ શકે. હજારો દર્દીઓ જે મરણોન્મુખ છે, એમને નવી જીંદગી મળી શકે

## ચાલો આજે કોરોનાને છોડી કુદરતની વાત કરીએ

# વડોદરાની ફાઈન આર્ટ્સ કોલેજમાં ભણેલું કલાકાર દંપતી નર્મદા કાંઠે આવેલા ખેતરમાં રહે છે કલા સર્જનની સાથે ખેતી સંભાળે છે

ટેસ્ટ પોઝિટિવ આવે એટલે કોરોના થયો ગણાય અને તેની સાથે જ દર્દી અને સગાવ્હાલા સહુના જીવનમાં અસહાયતાની નેગેટિવિટી પરાણે પ્રવેશી જાય.તો ચાલો આજે કોરોનાની મોંકાણ કોરાણે મૂકી કુદરતની અને કલા સર્જનની રળિયામણી વાત કરીએ.

આ રળિયામણી વાત એક એવા દંપતીની છે જેમણે વડોદરાની પ્રતિષ્ઠિત ફાઈન આર્ટ્સ ફેકલ્ટીમાં કલાનું પ્રશિક્ષણ લીધું છે અને શહેરી ઝાકઝમાળ છોડીને ચાણોદના નર્મદા કાંઠે ખેતરમાં રહેવાનું પસંદ કર્યું છે. તેઓ અહીંની કુદરતી મોકળાશ માં કલ્પનાના મેઘધનુષને કલાકૃતિઓમાં કંડારે છે અને તેની સાથે પોતાના પરિવારની કેળા, પપૈયા જેવી ખેતી પણ સંભાળે છે.કલાને ખેતી સાથે જોડીને જાણે કે તેઓ તેમના દામ્પત્યને અને જીવનને શણગારી રહ્યાં છે.

કાનન કહે છે કે અમે કોરોનાથી ડરીને નહિ પણ સ્વ પસંદગીથી કુદરતના ખોળે વસવાટ કર્યો છે.આ જ તો આપણા મૂળ છે. જેમણે વતનના ગામના ઘર ખેતર છોડ્યા છે તેઓ જાણે કે મૂળિયાં વગરના માણસ થઈ ગયાં છે.

અત્યારે આ લોકો કલા સર્જન કરવાની સાથે ગ્રીન બેરિઝ વરાયટીના રસ મધુરા પપૈયા અને કેળાની ખેતીની દેખભાળ કરી રહ્યાં છે. આ અત્યંત મીઠાં પપૈયા જો કે શહેરની બજારથી દૂર હોવાથી પાણીના ભાવે વેચવા પડે ત્યારે દુઃખ થાય છે.સાથે રોજીંદી જરૂરની શાકભાજી ઉછેરી આત્મનિર્ભરતા કેળવી રહ્યાં છે. કાનન કહે છે મારું પહેલું કલા પ્રદર્શન વનસ્પતિના લીલા સૂકા પાંદડાઓ પર મેં ખૂબ નાજુકાઈ થી કરેલા ભરતકામ જેને કદાચ લીફ એમ્બ્રોઈડરી કહી શકાય એવી કલાકૃતિઓનું કર્યું હતું જેને પ્રોત્સાહક પ્રતિસાદ મળ્યો હતો.ચંદ્રશેખર સ્કલ્પટર એટલે કે શિલ્પી છે કલે આર્ટની સાથે વિવિધ પ્રકારના કલા માધ્યમો માં કામ કરે છે અને આર્ટ એકઝીબિસનમાં તે પ્રદર્શિત કરે છે. હાલમાં જો કે કોરોનાને લીધે આ આયોજનોમાં ઓટ આવી છે,ઓનલાઈન પ્રદર્શનો યોજાય છે પણ એમાં લાઈવ જેવી રંગત નથી.

સ્ટેચ્યુ ઓફ યુનિટી સંલગ્ન આકર્ષણોના ભાગરૂપે કેવડીયા માં સરદાર સરોવર ડેમ નજીક અત્યંત દર્શનીય કેક્ટસ પાર્ક બનાવવામાં આવ્યો છે.ત્યાં આ દંપતીએ સાથે મળીને કેક્ટસ એટલે કે થોરનું સૌંદર્ય ઉજાગર કરતા ટાઈલ્સ મયુરલની નયનરમ્ય રચના કરી છે.રંગબેરંગી મોટી ટાઈલ્સ ભાંગી ને એના રંગીન ટુકડાઓમાં જાણે કે કેક્ટસ ઊગ્યા હોય એવું કલાત્મક આ સર્જન છે. અમદાવાદના કોનફ્લિક્ટોરિયમ મ્યુઝિયમ માટે લાકડાની કલાકૃતિઓ બનાવી છે. ખેતરના ખોળે જાણે કે કલાનો પાક આ લોકો ઉગાડે છે.

# અંબાજી મંદિર તા.૧૮ મે સુધી દર્શનાર્થીઓ માટે બંધ રહેશે



સમગ્ર દેશ કોરોના કોવિડ-૧૯ વાયરસની બીજી લહેર સામે લડી રહ્યો છે. કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા માટે સરકારશ્રીની ગાઇડલાઇન મુજબ શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન કમ બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી આનંદ પટેલે તા. ૧૨ મે- ૨૦૨૧ સુધી અંબાજી મંદિર અને તેને સંલગ્ન ધાર્મિક સંસ્થાઓ યાત્રિકો માટે બંધ રાખવાનો નિર્ણય કર્યો હતો. ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૧૧ મે-૨૦૨૧ હુકમ અન્વયે અંબાજી મંદિર તા.૧૮ મે-૨૦૨૧ સુધી દર્શનાર્થીઓ માટે બંધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ભટ્ટજી મહારાજ દ્વારા પૂજન, અર્ચન તથા ધાર્મિક વિધિ વિધાન રાબેતા મુજબ કરવામાં આવશે વધુમાં અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ સંચાલિત મૂળ શક્તિપીઠ ગબ્બર મંદિર, અંબિકા વિશ્રામ ગૃહ,જગદજનની પથિકાશ્રમ (હોલી ડે હોમ) તથા અંબિકા ભોજનાલય પણ તા.૧૮/૦૫/૨૦૨૧ સુધી બંધ કરવામાં આવે છે અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના વહીવટદારશ્રી એસ. જે. ચાવડાએ અખબારી યાદીમાં જણાવ્યું છે કે, વિશ્વભરમાં ફેલાયેલી આ મહામારી સામે માં અંબે સર્વેની રક્ષા કરે તેવી આપણે પ્રાર્થના કરીએ. આપ સૌ બિન જરૂરી ઘરની બહાર ન નિકળો, સામાજિક અંતર રાખો ફરજીયાત માસ્ક પહેરો અને સરકારશ્રીની કોવિડ-૧૯ની ગાઇડલાઇનનું સંપૂર્ણપણે પાલન કરો તથા વેક્શિન લઈને પોતાની, પોતાના પરિવારજનોની સુરક્ષા સુનિશ્ચિત કરીએ તથા તંદુરસ્ત સમાજ અને રાષ્ટ્રનું નિર્માણ કરીએ.

અહેવાલઃ- રિતિક સરગરા,અંબાજી

# પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ નવસારી જિલ્લામાં આજથી અનાજ વિતરણનો પ્રારંભ



નવસારી/મંગળવાર

રાજયમાં તેમજ નવસારી જિલ્લામાં કોરોના વાઇરસની(કોવિડ-૧૯)ની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઇ આજથી નવસારી જિલ્લામાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ એન.એફ.એસ.એ હેઠળ સમાવિષ્ટ રેશન કાર્ડધારકોને ઘઉં અને ચોખાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવી રહ્યુ છે.

આજથી જિલ્લામાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અન્ન યોજના હેઠળ એન.એફ.એસ.એ હેઠળ સમાવિષ્ટ તમામ રેશનકાર્ડધારકોને વ્યક્તિદીઠ ૫ કિલોગ્રામ (૩.૫ કિલો ઘઉં અને ૧.૫ કિલો ચોખા)નું વિનામૂલ્યે વિતરણ કરવાનો પ્રારંભ થયો છે. આ ઉપરાંત એન.એફ.એસ.એ કાર્ડધારકોને નિયમિત મળવાપાત્ર ઘઉં, ચોખા, તુવેરદાળ, ખાંડ તથા મીઠાનું સરકારશ્રી દ્વારા નક્કી કરેલ નિયતદરે વિતરણની શરૂઆત કરવામાં આવી છે.

ગુજરાત રાજય પુરવઠા નિગમ દ્વારા બનાવવામાં આવેલા સમયપત્રક પ્રમાણે જે એન.એફ.એસ.એ રેશનકાર્ડની બુકલેટનો અંતિમ અંક ૧ હશે તેઓને તા. ૧૧મી, મેના રોજ, અંક ૨ હશે તેઓને ૧૨મી, મેના રોજ, અંતિમ અંક ૩ હશે તેઓને ૧૩મી, મેના રોજ, અંક ૪ હશે તેઓને તા. ૧૪મી, મેના રોજ, અંક ૫ હશે તેઓને ૧૫મી, મેના રોજ, અંક ૬ હશે તેઓને ૧૬મી, મેના રોજ, અંક ૭ હશે તેઓને ૧૭મી, મેના રોજ, અંક ૮ હશે તેઓને ૧૮મી, મેના રોજ, અંક ૯ હશે તેઓને ૧૯મી, મેના રોજ તથા એન.એફ.એસ.એ રેશનકાર્ડની બુકલેટનો અંતિમ અંક ૦ હશે તેઓને ૨૦મી, મેના રોજ બંને પ્રકારના અનાજનું વિતરણ કરવામાં આવશે. જો કોઇ લાભાર્થી સંજોગોવશાત ઉકત નિયત થયેલ દિવસે વ્યાજબી ભાવની દુકાન પરથી તેઓને મળવાપાત્ર આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો મેળવી ન શકે તો તેઓ ૨૧મી, મે-૨૦૨૧ થી ૩૧ મે-૨૦૨૧ સુધીમાં વ્યાજબી ભાવની દુકાન ખાતેથી મેળવી શકશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ મે અને જૂન એમ બે માસ એન.એફ.એસ.એ હેઠળ સમાવિષ્ટ કાર્ડધારકોને વ્યક્તિદીઠ ૫ કિલો અનાજ(૩.૫ કિલો ઘઉં અને ૧.૫ કિલો ચોખા)નું વિતરણ કરવામાં આવશે.

# વંથલી શહેર કોંગ્રેસ પ્રમુખ તરીકે ઈરફાન શાહ ની વરણી : સર્વત્ર આવકાર



વંથલી શહેર કોંગ્રેસ પ્રમુખ તરીકે જુનાગઢ જિલ્લાના જાણીતા સામાજીક કાર્યકર અને જાગૃત આર ટી આઈ એક્ટિવિસ્ટ ઈરફાનશાહ સોહરવર્દી ની નિમણુંક થતા હર્ષ ની લાગણી સાથે સર્વત્ર આવકાર મળી રહ્યો છેઅત્રે ઉલ્લેખનીય છેકે જુનાગઢ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ નટુભાઈ પોંકિયા અને જિલ્લા મહામંત્રી વી.ટી.સિડા ની ભલામણ થી પ્રદેશ પ્રમુખ અમિતભાઈ ચાવડા દ્વારા વંથલી ના તરવરિયા યુવાન ઈરફાન શાહ ની શહેર કોંગ્રેસ પ્રમુખ તરીકે વરણી કરવામાં આવતા જિલ્લા પ્રભારીઓ હરીભાઈ પટેલ અને શહેનાઝ બાબી, ધારાસભ્યશ્રીઓ હર્ષદભાઈ રિબડીયા,ભીખાબાપા જોશી,બાબુભાઈ વાજા સહિત જિલ્લા પંચાયતના સદસ્યો અરવિંદભાઈ લાડાણી અને ધર્મીષ્ઠાબેન કમાણી, વંથલી નાં કોંગ્રેસી અગ્રણીઓ પ્રવીણ વડારીયા, મુકેશ ચૌહાણ,સીરાઝ વાજા,અજય વાણવી,તોષીફ અઝીઝ,રમેશ વાણવી સહિતનાં અગ્રણીઓએ વરણી ને આવકારી અભિનંદન પાઠવ્યા છે.રીપોર્ટર -જીગ્નેશ પટેલ માણાવદર

# ધો.૧૦માં પરીક્ષા કે માસ પ્રમોશનની મુંઝવણઃ વાલીઓને કોરોનાનો ભય અને બોર્ડ વિદ્યાર્થીઓના ભવિષ્યથી ચિંતિત

ગાંધીનગરઃ ગુજરાતમાં ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓની પરીક્ષા (GBSC 10th exam) લેવી કે માસ પ્રમોશન આપવા અંગે મુંઝવણની સ્થિતિ છે. વાલીઓ અને બાળકોને કોરોના વકરવાનો ભય સતાવી રહ્યો છે. જ્યારે શિક્ષણ બોર્ડને વિદ્યાર્થીઓના ભવિષ્યની ચિંતા છે. આવી સ્થિતિમાં નિર્ણય લેવામાં વિલંબ થઇ રહ્યું છે.

કોરોનાને કારણે ધોરણ ૧થી૯ અને ૧૧ને માસ પ્રમોશન આપવામાં આવ્યું છે. પરંતુ ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષા મોકુફ રાખવામાં આવી છે. વાલી મંડળની માંગ છે કે, સંક્રમણની સ્થિતિને જોતા ધોરણ ૧૦માં પણ માસ પ્રમોશન આપવામાં આવે.પરંતુ શિક્ષણ વિભાગનું કહેવું છે કે

"માસ પ્રમોશન આપવામાં આવે તો ભવિષ્યમાં વિદ્યાર્થીઓ ઘણી મુશ્કેલીઓ પડી શકે. તેથી બોર્ડ આને વિદ્યાર્થીઓના ભવિષ્ય માટે યોગ્ય વિકલ્પ નથી માની રહ્યું. સાથે એવી પણ ચર્ચા ચાલે છે કે, વિદ્યાર્થીઓની પરીક્ષા પદ્ધતિમાં ફેરકાર કરી સ્ઝઉ બેઝ અથવા શાળા કક્ષાએ પરીક્ષા લેવાઈ શકે છે."

શું કહ્યું રાજ્ય શિક્ષણ વિભાગે

શિક્ષણ વિભાગના જણાવ્યાં અનુસાર,

"હાલમાં જે વિદ્યાર્થીઓ ધોરણ ૧૦માં અભ્યાસ કરી રહ્યા છે, તેઓ અગાઉના વર્ષોએ RTE એક્ટ હેઠળ ધોરણ ૮ અને ૯માં નાપાસ નહીં કરવાની પોલિસી સાથે માસ પ્રમોશન મેળવીને આવ્યા છે. એટલે હવે ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન થવુ જરૂરી છે." આ વર્ષે તેમને ફરી માસ પ્રમોશન આપવામાં આવે તો ભવિષ્યમાં વિદ્યાર્થીઓને ઘણી મુશ્કેલીઓ પડી શકે છે. ધોરણ ૧૦માં માસ પ્રમોશન આપવાની જગ્યાએ પરીક્ષાની પદ્ધતિમાં બદલાવ કરી પરીક્ષા લેવાવી જોઈએ. બોર્ડ દ્વારા સ્ઝઉ બેઝ પરીક્ષા અથવા તો શાળા કક્ષાએ પરીક્ષા લેવાય તેવી ચર્ચા હાલમાં ચાલી રહી છે.

વાલીમંડળની માસ પ્રમોશનની માગ

બીજી બાજુ વાલી મંડળના પ્રેસિડેન્ટ નરેશ શાહે ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવાની માગણી સાથે જણાવ્યું કે, ભારતમાં કેટલાય રાજ્યોએ પરીક્ષા સસ્પેન્ડ કરી અથવા તો મોકૂફ રાખી છે. તેથી રાજ્યભરમાંથી વાલીઓએ અમારો સંપર્ક કર્યો અને પરીક્ષા રદ થાય તે માટેની ચર્ચા કરી છે.

રાજ્ય સરકારે આ મુદ્દે કોઈ નિર્ણય ન લેતા હવે અમારે ગુજરાત હાઈકોર્ટના શરણે થવું પડ્યું છે. ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલી પિટિશનમાં રજૂઆત કરવામાં આવી છે કે

"દેશના ૭ રાજ્યોએ ધોરણ ૧૦ ની પરીક્ષા રદ કરી છે. જેમાં હરિયાણા, ઉત્તરાખંડ, પંજાબ, નવી દિલ્હી, તામિલનાડુ, જમ્મુ અને કાશ્મીર અને, મહારાષ્ટ્ર જેવા રાજ્યો છે. યાદ રહે કે ગુજરાતમાં ધોરણ ૧૦ના ૧૨ના અંદાજે ૧૩ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા ( GBSC 10th exam)આપશે."

પરીક્ષાથી કોરોના થવાનો ભય

અરજદારે એવી રજૂઆત કરી છે કે, જો ધોરણ ૧૦ની બોર્ડ પરીક્ષા યોજાશે તો પરીક્ષાના દિવસે માત્ર વિદ્યાર્થીઓ જ નહિ પણ શિક્ષકો, વાલીઓ પણ શાળાએ આવશે અને શાળાઓ અને તેની આસપાસ ભીડ ભેગી થશે. તેથી કોરોના ફેલાવવાનો ડર છે. માટે ધોરણ ૧૦ની પરીક્ષાને રદ કરવામાં આવે તે હિતાવહ છે. CBSC દ્વારા પણ વિદ્યાર્થીઓના પાછલા પરફોર્મન્સના આધારે પરિણામ જાહેર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઉપરાંત ઝમ્જીઝ અને ICSC એ પણ કોરોનાની પરિસ્થિતિને જોતા પરીક્ષા રદ કરી છે.

# ડૉક્ટર કૌશલ પટેલ એ આખી હોસ્પિટલ RSS ને સોંપી દીધી COVID પેશન્ટ ની સારવાર માટે

ભરુચ મા આવેલ વેદાન્ત હોસ્પિટલ ડૉક્ટર કૌશલ પટેલ એ આખી હોસ્પિટલ RSS ને સોંપી દીધી COVID પેશન્ટ ની સારવાર માટે..

કુલ ૨૮ બેડ અને એમાં થી ૨૪ બેડ ઓક્સિજન ની સગવડ વાળા, દર્દી પાસે થી કોઈ જ ચાર્જ નહીં લેવાનો.

ચા , નાસ્તો , બે ટાઈમ જમવાનું , ફ્રુટ્સ વિ તદ્દન ફ્રી.જોકે લેબ ટેસ્ટ, કે CT SCANનો ખર્ચો પેશન્ટ ભોગવે કારણકે એ બહાર કરાવવો પડે. દવા ઓ પણ સ્ઈં પ્રમાણે નહીં પણ એમની પડતર કિંમત એ દર્દીને આપવા ની.

ઓક્સિજન ના સિલિન્ડર નો ટેમ્પો આવ્યો , કોઈ મજુર નહીં સ્વયં સેવકોએ જાતે જ ઉતારી લીધા.

સ્વયં સેવકો શીફ્ટ માં સેવા આપે. ૨૪ કલાક હાજર. લોકો ડોનેશન પણ આપી જાય , ચેક, નાસ્તો, ફ્રુટ્સ, દવાઓ વિગેરે. સ્વયંસેવકો ની શિસ્ત અને સેવા માટે કોઈ શબ્દ નથી. દરેક સ્વયં સેવક ને નત મસ્તક પ્રણામ ??

ડોક્ટર કૌશલ પટેલ ,ધારે એટલું ધન કમાઈ શકે આવા સમય માં..

પણ આખી હોસ્પિટલ સેવા માં આપવા માટે કેટલું જીગર હશે? તેમના ધર્મ પત્ની પણ આંખ ના ડોક્ટર..

ડોક્ટર કૌશલ પટેલ અને તેમના કુટુંબીજનો ને લાખ લાખ વંદન

આ લખવા નું કારણ એટલું જ કે આવા સમાચાર આપણા મિડિયા માં નથી આવતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.